શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ, મુંબઈનું મુખપત્ર

સોરઠ વિશાશ્રીમાળી

પૃષ્ઠ : ૪૦

વર્ષ : ૪૯ મુલ્ય : રૂા. ૮/- અંક : ૧ જાન્યુઆરી ૨૦૨૧

આઝાદી કેરા યજ્ઞ માં
હોમાય ગયા જે હરખ થી,
ગાથા અમર આ રાષ્ટ્રની
ગાવી ગમે છે ગર્વ થી,
નીડર અમારા વીર આ
સ્વરાજ નો શણગાર છે,
તેથી ત્રિરંગા આજ તુજને વંદન
હજારો વાર છે...

ભાવભીની શ્રદ્ધાંજલિ

જાન્યુઆરી માસનાં મુખપત્રના સૌજન્યદાતા

સ્વ. વૃજલાલ પાનાચંદ મહેતા (જેતપુર-ભિવંડી)

અરિહંતશરણ : તા. ૩૦-૧-૧૯૮૮

સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,
વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.

સુખને છલકાવ્યું નહીં, દુ:ખને દેખાડ્યું નહીં,
જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભુલાય નહીં.

અમારા સુખ-દુ:ખની પ્રત્યેક પળોમાં આપની પ્રેરણા અને આશીર્વાદ વરસતા રહે અને પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે એવી અંત:કરણપૂર્વકની પ્રાર્થના

લિ.

શ્રીમતી પ્રભાબેન વૃજલાલ પાનાચંદ મહેતા પરિવાર

પુત્રો	:	ગુણવંતરાય, બળવંતરાય
પુત્રવધૂઓ	:	ભારતીબેન, સુશીલાબેન
પ્રૌત્રો	:	અલ્પેશ, નિકુંજ અને વૈભવ
પૌત્રવધૂઓ	:	કુંતલ, દિશા અને કેતકી
પુત્રી	:	સ્વ. કાંતાબેન, ધીરજબેન અને શાંતાબેન
પૌત્રીઓ	:	રાજુલ નિપુલકુમાર વોરા, રૂપલ ચિંતનકુમાર વોરા
પ્રપૌત્ર	:	પ્રશમ, આરવ અને દર્શ
પ્રપૌત્રી	:	પલક, ધ્રુવી

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,
૪, દેવકરણ મેન્શન, બિલ્ડિંગ નં. ૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨
ફોન : ૦૨૨-૨૨૦૬૯૧૭૨, મોબાઈલ : ૯૩૨૧૭૭૫૮૦૫
સમય : બપોરે ૧-૦૦થી સાંજે ૬-૦૦ (1.00 pm to 6.00 pm)
Email : svjainsamajmumbai2@gmail.com-data@svjainsamaj.com
www.svjainsamaj.com
તંત્રી : શ્રીમતી કીર્તિબેન મયુરભાઈ મહેતા મો. ૯૨૨૪૭૭૧૨૩૮
સહતંત્રી : શ્રી નિખીલ કિશોરકુમાર શાહ મો. ૯૬૧૯૬૧૯૯૯૭

સમાજની કારોબારી સમિતિ

શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા -------------------- પ્રમુખ
શ્રી ગિરીશભાઈ કાંતિલાલ પારેખ ----------------- ત.ભૂ. પ્રમુખ
શ્રી ગુણવંતભાઈ વૃજલાલ મહેતા ------------------ ઉપ-પ્રમુખ
શ્રી મયુરભાઈ નગીનદાસ મહેતા ------------------ માનદ્‌મંત્રી
શ્રી દીક્ષિતભાઈ નટવરલાલ માઝની -------------- માનદ્ સહમંત્રી
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા ------------- માનદ્ ખજાનચી
શ્રી જયંતભાઈ ચુનિલાલ દોશી-------------- માનદ્ સહખજાનચી
શ્રી અનિલભાઈ ગુલાબચંદ મહેતા ----------------------- સભ્ય
શ્રી અશોકભાઈ દલિચંદ ભણશાલી ---------------------- સભ્ય
શ્રી નિખીલભાઈ કિશોરકુમાર શાહ ---------------------- સભ્ય
શ્રી પિયુષભાઈ હરકિશનદાસ શાહ ---------------------- સભ્ય
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર---------------------- સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા --------------------- સભ્ય
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા ------------------------ સભ્ય
શ્રીમતી નીતાબેન પરેશભાઈ શેઠ ---------------- કૉ. ઓપ્ટ સભ્ય
શ્રીમતી દીપ્તિબેન દીક્ષિતભાઈ માઝની ----------- કૉ. ઓપ્ટ. સભ્ય

સલાહકાર સમિતિ

શ્રી શ્રીકાંતભાઈ સાકરચંદ વસા - શ્રી પ્રવીણભાઈ હિંમતલાલ સંઘવી
શ્રી મહેન્દ્રભાઈ ઓતમચંદ પુનાતર - શ્રી પરેશભાઈ મણીલાલ શેઠ

BANK DETAILS:
Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ
BANKER : Bank of Baroda, J. J. Market, Mumbai-3
S. B. A/c No. 03870100000044
IFSC : BARB0BULLIO MICR : 40012047

Name : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST
BANKER: UNION BANK OF INDIA
Princess Street, Mumbai - 400 002
S.B.A/c. No. 319102010054364
IFSC : UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે

Auditor : Viren Vasa & Associates
Chartered Accountants, Mumbai

લવાજમના દરો	**ભારતમાં**
વાર્ષિક : રૂા. ૧૦૦/-	આજીવન રૂા. ૧૫૦૦/-

પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 Yearly

મુદ્રણ અને પોસ્ટિંગ **અરિહંત પ્રિન્ટિંગ પ્રેસ-નીતિનભાઈ બદાણી**
સાઈબાબા નગર, ૩૧૦ ત્રિકાલ બિલ્ડિંગની પાછળ, નાયડુ કોલોની પાસે,
પંતનગર, ઘાટકોપર(ઈ), મુંબઈ-૭૫ **ફોન : ૯૨૨૩૪૩૦૪૧૫**

શ્રી સોરઠ વિશાશ્રીમાળી

અંક - ૧ ⊙ વર્ષ : ૪૯ ⊙ જાન્યુઆરી ૨૦૨૧ ⊙ મૂલ્ય રૂા. ૮

તારી એક એક પલ જાયે લાખની...

તારી એક એક પલ જાયે લાખની
તું તો માળા રે જપી લે હરિ નામની...
તારી જિંદગી છે ચાર દિનની ચાંદની,
તું તો છોડી દે ફિકર આખા ગામની...
તું તો માળા રે...

મનમાં મારું તારું મેલ (૨)
જૂઠો અંતર કેરો મેલ (૨)
સાચી ભક્તિ કરી લે ભગવાનની... તું માળા...
આ છે સ્વાર્થીયો સંસાર (૨)
એમાં નથી કંઈ સાર (૨)
તારી કાયા થવાની છે રાખની... તું તો માળા...

જીવન જીવવું છે મારે,
પ્રભુભક્તિને સથવારે,
જીવન જીવવું છે મારે,
ગીતા જ્ઞાનને સથવારે...
મજા માણી લે આતમ દરશનની... તું તો માળા...

તારી એક એક પળ જાયે લાખની,
તું તો માળા રે જપી લે હરિ નામની.
તારી જિંદગી છે ચાર દિનની ચાંદની,
તું તો છોડી દે ફિકર આખા ગામની...
તું તો માળા રે...

–કિશોરકાંત એન. મહેતા

શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય

૪૩, પ્રાગજી વૃંદાવન સોસાયટી, ૩જે માળે, ૨૦-૨૪, જૂની હમુના ગલી, મુંબઈ-૨. ફોન : ૨૨૪૦૦૨૪૦

રાહત દરે અનાજ વિતરણ યોજના

જાન્યુઆરી - ૨૦૨૧ માસના અનાજ વિતરણનાં ભાગ્યશાળીઓ



શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ

સ્વ. વિમળાબેન કાંતિલાલ શાહ

સ્વ. ઝવેરચંદ ભુરાભાઈ ભીમાણી

તંત્રીસ્થાનેથી

મારા વાચક મિત્રો, વડિલબંધુઓ,

સાદર પ્રણામ

૨૦૨૦ની ૩૧મી ડિસેમ્બરે વિદાય લીધી. ૨૦૨૧ જાન્યુઆરી મહિનો ચાલુ થઈ ગયો. સમય ચક્ર ભાગવા માંડ્યું. કંઈક નવા સંકલ્પો સાથે નવા વિચારોની ગતિ તેજ દોડવા મંડી છે, પણ સમય નિરંકુશ છે. સતત દોડતો રહે છે. કોઈની રાહ જોતો નથી. જે લોકો સમયની આંગળી પકડીને ચાલતા શીખી જાય છે. તેમને ક્યારેય કોઈ ક્ષેત્રે વાંધો આવતો નથી. જે લોકો સમય ચૂકી જાય છે. એ પાછળ રહી જાય છે. સમયની ગતિ જ નિરાળી છે.

માણસની જિંદગીનો કોઈ ભરોસો નથી. માણસનું આયુષ્ય ૧૦૦ વર્ષનું ગણવામાં આવે છે. પણ મરણ ક્યારે અને કઈ રીતે ટપકી પડે એ નિશ્ચિત હોતુ નથી. હજુ મારી પાસે તો ઘણો સમય છે. એવી માનસિકતામાં રચનારા માટે પ્રગતિના તમામ દરવાજા બંધ થઈ જાય છે. ટાઈમ લીમીટ ધરાવતી કોઈ પણ કમ્પ્યુટર ગેઈમ રમી જુઓ તમને તુરત જ અનુભવ થશે કે નિશ્ચિત સમય મર્યાદામાં ગેઈમ પૂરી કરવામાં તમારી ગતિ કેટલી તેજ થઈ જાય છે, દિમાગને પણ કેટલુ ઝડપથી દોડવુ પડે છે. હવે સમય મર્યાદા વગરની ગેઈમ રમી જુઓ. બન્નેના પરિણામ સરખાવો. ગમે તેટલો પ્રયત્ન કર્યો હોવા છતાં તમે સમય મર્યાદા ન આપવામાં આવી હોય તો તમારા કામમાં જોઈએ તેટલી પ્રગતિ થતી નથી. તેથી જ કોઈપણ કામ કરતા પહેલા તેનો સમય નક્કી કરો. જેવી રીતે એક એક પૈસાની ગણતરી કરો છો. એ જ રીતે સમયની પણ ગણતરી કરતાં શીખો. સમય પૈસા કરતાં પણ વધુ કિંમતી અને મૂલ્યવાન છે.

નેપોલિયન બોનાપાર્ટ લખે છે કે માણસના સૌથી મૂલ્યવાન સ્ત્રોત (સમય)ની ચોરી કરનાર માટે કોઈ કેદખાનું નથી. સમય એક વખત સરકી ગયા પછી હાથ લાગતો નથી. જો તમે ગરીબના જીવનમાં ડોકિયુ કરશો તો એ કહેશે કે સમય વિશ્વની સૌથી કિમતી ચીજ છે.

જો તમે સમયનો સદ્‌ઉપયોગ કરવા ઈચ્છતા હો તો સમય સાથે કદમ મિલાવીને ચાલો. કામનો સમય નક્કી કરો અને કામને એ સમય મર્યાદામાં રહીને પૂરું કરી. સમયની એક એક પળ સોનેરી પળ છે એમ સમજીને ચાલો. સમય બડા બલવાન હૈ, એ ક્યારેય ભૂલશો નહિ.

સમય સમય કી બાત હૈ સમય બડા બલવાન હૈં

સમય કો જો ના જાન શકે, વો બડા નાદાન હૈ.

K. M. Mehta

ભાવભરી શ્રદ્ધાંજલિ

જન્મ તારીખ :
૨૯-૧-૧૯૫૧

અરિહંતશરણ
૩૦-૧૨-૨૦૨૦

સ્વ. સુરેશ રમણિકલાલ શાહ

અરિહંત શરણ ૩૦-૧૨-૨૦૨૦

પિતા એવા હોય છે, જેમનો હોવાનો અહેસાસ ક્યારેય થતો નથી
પણ ના હોવાનો અહેસાસ બહુ થાય છે.
દૃષ્ટિમાં હજુએ રમે છે તમારો હસતો ચહેરો,
આપનો માયાળુ સ્વભાવ, આપની જીવનની સાદાઈ,
સેવા અને સમર્પણની સુગંધ, સદાય મહેકતી રહેશે.

પિતા	:	રમણિકલાલ છગનલાલ શાહ
માતા	:	દયાબેન રમણિકલાલ શાહ
પત્ની	:	નીતા સુરેશ શાહ
પુત્ર	:	જય સુરેશ શાહ
પુત્રી	:	કિંજલબેન નીલેશ ગાંધી
જમાઈ	:	નીલેશ શ્રીકાંત ગાંધી
સસરાજી	:	સ્વ. જગજીવનદાસ વચ્છરાજ દોશી

શ્રી ઘાટકોપર મંડળ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ

સી-૧૮, ભગત એસ્ટેટ, વલ્લભ બાગ ક્રોસ લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

Reg. No. E - 78533 dt. 18-2-2000 I.t. Exemption No. Under 80G

સમાજની Mediclaim યોજનાના પ્રીમિયમ બાબત

સુજ્ઞશ્રી પોલીસીધારક,

આપણા ટ્રસ્ટ દ્વારા સન ૨૦૦૦થી ચાલતી મેડીક્લેઈમ યોજનાનું વર્ષ ૨૦૨૧-૨૦૨૨નું પ્રીમિયમ ભરવા માટેની વિગત નીચે મુજબ છે.

સેન્ટર	તારીખ	સમય	સ્થળ	મો. નંબર
નાલાસાપોરા	૦૭.૩.૨૦૨૧	૧૦થી ૧૨	**એસ. વી. જૈન જાગૃતી મંડળ** C/o. અરિહંત ફરસાણ માર્ટ, શોપ નં. ૧૨,ગીતા સંદેશ, સાઈધામ, ટાવરની સામે, આચોલે રોડ, નાલાસોપારા - ૪૦૧૨૦૯	**અજીતભાઈ વોરાઃ** ૯૮૬૭૮૪૧૦૯૧ **હર્ષદભાઈ વોરાઃ** ૮૭૯૩૭૨૬૬૮૩
ભાયંદર	૦૭.૩.૨૦૨૧	૧૦થી ૧૨	**વસા પેકેજીંગ,** ૯૦ ફુટ રોડ, જુની રજીસ્ટ્રેશન ઓફીસની સામે, ભાયંદર (વેસ્ટ)	**ઉદયભાઈઃ** ૯૮૧૯૦૮૩૩૫૮
કાંદિવલી	૦૭.૩.૨૦૨૧	૧૦થી ૧૧	**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મિત્ર મંડળ - કાંદિવલી** C/o. શૈલેષ વોરા, શૉપ ન. ૧ જ્ઞાન દર્શન કો. હા. સોસાયટી લિ. બી.એમસી ગાર્ડનની બાજુમાં, કાંદિવલી (વે), મુંબઈ	**પિયુષભાઈઃ** ૯૮૨૦૪૭૭૭૩૨
ઘાટકોપર	૧૪.૩.૨૦૨૧	૧૦થી ૧૨	**શ્રી ઘાટકોપર મંડળ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ** C/૧૮ ભગત એસ્ટેટ, વલ્લભબાગ ક્રોસ લેન, (એમ. પી. વૈદ્ય માર્ગ) ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૭૭	**પરીમલભાઈઃ** ૯૮૯૨૫૯૭૯૯૬ **ધીરેનભાઈ :** ૯૮૨૦૦૧૨૪૫૪

દરેક દર્દી/વ્યક્તીએ જો કૅશલેસ ક્લેઈમ મેળવ્યો હોય તેમણે ટ્રસ્ટને ક્લેઈમ પાસની કોપી મોકલવી અત્યંત જરૂરી છે.

શ્રી આદિનાથાય નમઃ

ભાવભીની શ્રદ્ધાંજલિ

જન્મ :
તા. ૩-૧૨-૧૯૭૧

સ્વર્ગવાસ :
તા. ૧૩-૧૨-૨૦૨૦

સ્વ. વિપુલભાઈ પ્રફુલ્લચંદ્ર મહેતા

વડાલ (સોરઠ) નિવાસી હાલ બોરીવલી, મુંબઈ

દિલની વાત હોઠ પર આવીને અટકી ગઈ,
શબ્દો ખૂટ્યાને લાગણીઓ ગૂંચવાઈ ગઈ...
જીંદગી હતી ટૂંકી અને માયા મોટી લગાડી ગયા,
છાના ખૂણે રડી લઈશું જ્યારે આવશે યાદ
ક્યારેય કલ્પી ન શકાય તેવી તમારી ઓચિંતી વિદાય,
કાળજુ અમારૂ કંપાવી ગઈ
અંજલિ આપતા હૈયુ ફાટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે...
પરમાત્મા આપના પ્રેમાળ આત્માને શાંતી અર્પે એજ પ્રાર્થના.

શ્રદ્ધાંજલિ સહ

શોકાતુર

પિતા	:	સ્વ. ડૉ. પ્રફુલચંદ્ર જે. મહેતા	મોટાભાઈ	:	ડૉ. નિમેષ પી. મહેતા
માતા	:	રસિલાબેન પી. મહેતા	ભાભી	:	ડૉ. અલ્પા એન. મહેતા
પત્ની	:	જિજ્ઞાબેન વી. મહેતા	ભત્રીજી	:	દ્રષ્ટિ
			ભત્રીજો	:	દર્શન

સ્વ. જેચંદ કાલિદાસ મહેતા પરિવાર

Eye 2 Eye
The Optical Gallery

DIVYADRASHTI®
EYE CARE CENTRE

Opto Products India LLP

Dr. P. J. Mehta
Memorial Charitable Trust

022-28955555 / 28931927

સંયમનું મહત્ત્વ

એક ભિખારી કેટલાય ઘરે ભટક્યો છતાં ખાવાનું ન મળ્યું. લાગલાગટ ત્રણ દિવસનો ભૂખ્યો આ ભિખારી એક શેઠની પેઢી જોઈ તેથી તેની પાસે ભોજન માગવા ગયો. શેઠે તેને ધુત્કારી કાઢી મૂક્યો. એટલામાં જ એક જ્ઞાની, લબ્ધિધારી સંત એ શેઠને ત્યાં ગૌચરી માટે પધાર્યા. શેઠે તેમને જોયા તો બહુમાનપૂર્વક પોતાને ઘરે લાવ્યો અને અનેક પ્રકારનાં દ્રવ્યો સહિત ગૌચરી વહોરાવી, બહાર તેમને સન્માનપૂર્વક વળાવવા ગયો.

પેલો ભિખારી બહાર ઊભોઊભો જોતો હતો. જેવા સંત ગૌચરી લઈને આગળ વધ્યા એટલે તે તેની પાસે ગયો. તેમની પાસે જઈ કહેવા લાગ્યો કે, ''આપની પાસે ઘણું ભોજન છે. હું ત્રણ દિવસનો ભૂખ્યો છું. આપ આપની પાસેના ભોજનમાંથી થોડુંક ભોજન મને આપો, તો મારી ભૂખ ખોડી શાંત થઈ જાય.''

મુનિ જ્ઞાની અને લબ્ધિધારી હતા. ભિખારીનો ચહેરો જોઈ તેણે જ્ઞાનથી ઉપયોગ મૂક્યો કે આ ભવ્ય જીવ છે, સરળ છે, પરંતુ અત્યારે ભૂખથી અત્યંત પીડિત છે. જો તે દીક્ષા લેશે તો તેના આત્માનું કલ્યાણ થઈ જશે. આથી સંતે ભિખારીને કહ્યું કે, ''અમે જૈન સંત છીએ, અમને મળેલી ભિક્ષા અમે માત્ર અન્ય સંતોને જ આપી શકીએ. તમે મારી સાથે ચાલો. મારા ગુરુ પાસે દીક્ષા અંગીકાર કરી લો તો મારી પાસેનું બધું જ ભોજન આપને આપી દઈશ.'' પેલો ભિખારી તો ભૂખનો માર્યો ખરેખર સંત સાથે ગયો. તેણે સાધુનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. સંતે પોતાના ગુરુને પોતાના જ્ઞાન તેમ જ ઉપયોગની વાત કરી ભિખારીને દીક્ષા દેવા વિનંતી કરી. ગુરુદેવે ભિખારીની ઈચ્છા જાણીને દીક્ષા આપી.

હવે દીક્ષા પછી આચાર્યની આજ્ઞાથી સંતે ભોજન પેલા ભિખારીની સામે રાખી દીધું. ભિક્ષામાં આવેલ લાડવા તેમ જ અન્ય સ્વાદિષ્ટ વાનગીઓ ખાવાનું પહેલી વાર તેને મળ્યું હતું. એમાંય ત્રણ દિવસની ભૂખ, આથી પેલા મુનિએ ભરપેટ ખાવાનું ખાધું. રાત્રિભોજન અને પાણીનો ત્યાગ હોય તેનો તેને અનુભવ ન હોય. પૂરતી માત્રામાં પાણીનો ઉપયોગ ન કરી શક્યા. રાત્રે ભૂખ્યા પેટે, અતિશય ખોરાક ખાવાને કારણે પેટનો ભયંકર દુઃખાવો ઊપડ્યો.

શ્રાવકોને ખબર પડતાં બધા જ મુનિરાજની સેવામાં હાજર થઈ ગયા. જે શેઠે તેને ધુત્કારીને કાઢી મૂક્યા હતા, તે શેઠ પણ તેમની સેવામાં ખડે પગે હાજર હતા. આ બધી સ્થિતિ જોતાં નવદીક્ષિત મુનિના વિચારોમાં પરિવર્તન આવ્યું. તેમણે વિચાર્યું કે માત્ર ભૂખના દુઃખથી બચવા મેં દીક્ષા લીધી તોપણ તેનો કેટલો મહિમા છે કે આવા મોટા શેઠ અને શ્રાવકો ખડે પગે સેવા કરે છે. જો મેં ઉચ્ચ ભાવે, આત્મકલ્યાણ માટે સંયમ ગ્રહણ કર્યો હોત તો મને કેટલો લાભ થાત.

આમ તેના મનમાં સંયમ પ્રત્યે ખૂબ શ્રદ્ધા અને બહુમાન થયાં. આવા ભાવમાં ને ભાવમાં જ તેઓ કાળધર્મ પામ્યા. જો કે સંયમ તેણે ક્ષુધાશાંતિ માટે જ લીધો હતો. આમ છતાં અંતિમ સમયે તેમના મનના ભાવો દીક્ષા પ્રત્યે ઉત્કૃષ્ટ થયા તેથી તેમનો જીવ ત્યાં આયુષ્ય પૂર્ણ કરી સમ્રાટ અશોકના પૌત્ર કુણાલને ત્યાં રાજકુમારરૂપે ઉત્પન્ન થયો. જે પાછળથી મગધસમ્રાટ મહારાજ સંપ્રતિ બન્યા. જેમણે શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કરીને પોતાનું શેષ જીવન જિન શાસનની પ્રભાવનામાં સમર્પિત કર્યું.

જે આચાર્યભગવંતે તેમને પૂર્વભવમાં દીક્ષા આપેલી. તેઓ વિચરતાંવિચરતાં મહારાજ સંપ્રતિના રાજ્યમાં પધાર્યા. તેમને જોઈને મહારાજા સંપ્રતિને જાતિસ્મરણજ્ઞાન થયું. તેઓ પોતાના ઉપકારીને ઓળખી ગયા. તેમણે રાજ્ય તેમનાં ચરણે સમર્પિત કરતાં કહ્યું કે, ''આ બધો આપની કૃપાનો પ્રભાવ છે? આચાર્યભગવંતે સાધુમર્યાદા બતાવી રાજ્ય લેવાની ના પાડી અને તેને ધર્મોપદેશ આપ્યો. આ જ ઉપદેશના પરિણામ ફરી તે જૈન ધર્મના અનુયાયી બન્યા, મોટી સંખ્યામાં મંદિરો બનાવ્યાં, મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી, જૈન ધર્મનો ખૂબ પ્રચાર કર્યો.

આ વાત એ સમજાવે છે કે, 'જો દ્રવ્યસંયમ પણ ઉત્કૃષ્ટ ભાવસંયમમાં પરિવર્તિત થાય તો ભટકતો ભિખારી મગધસમ્રાટ સંપ્રતિ બની જાય છે, તો જે માત્ર ને માત્ર આત્માના લક્ષે, આત્મકલ્યાણ અને ઉત્કૃષ્ટ વૈરાગ્યથી ભાવસંયમ ગ્રહણ કરે તેને સિદ્ધગતિ કે દેવલોકના ઈન્દ્રનું સ્થાન પ્રાપ્ત થાય તેમાં શું નવાઈ છે?

સંયમ ઉત્કૃષ્ટ ભાવે લઈ ઉત્કૃષ્ટ ભાવે જ પાળવો.

- પારૂલબેન ગાંધી

The Goddess Artemis

The goddess of the Moon,
Artemis,
I admire her,
More than I admire the rest.

She appears as a little girl of ten,
Why she does that I really don't
know,
Even when the other gods tried to
convince her
That 4902 is the new 128!

Her twin brother,
Is the god of the sun Apollo.
She hates him,
But I know that deep down,
She actually loves him!
Now don't you dare tell her that I
said that.
Artemis will be so mad at me,
She'll probably turn me into an
ant!

Or a wolf if I'm lucky.
They're her sacred animals,
The wolves, not the ants.
She stands up for herself,
And even has her own cool group.
I would so like to join it,
Oh, I really would,
but the sad thing is,
she exists only in my books.

-Saee Aditya Sushama Paranjpye
9 th year

ગુરૂગમ વિનાનાં શાસ્ત્રો પણ શસ્ત્ર બની જાય,
ગુરૂગમ વિનાનું જ્ઞાન પણ પતનનું કારણ બની જાય.
સાચવીને, સમજીને અને વિચારીને જ બોલો, કેમ કે
તમારા શબ્દોમાં પરમાણુ બોમ્બ કરતાંય વધુ તાકાત છે.
સંપત્તિ લીઝ પર મળેલી વસ્તુ છે,
જ્યારે સદ્‌ગુણ ઑનરશિપથી મળેલી વસ્તુ છે.

આંસું કોણ લુછે

જો જીવનમાં જોઈએ ગુલાબ તો કાંટાથી પ્યાર કરવો પડે!
મૃગની નાભીમાં છે કસ્તુરી પણ જાણ વગર ક્યાંથી મળે!!
કામ કરનાર વ્યક્તિથી ભૂલ થઈ શકે, આળસુને આરામ!
હરિફાઈના જમાનામાં ઉઠવું પડે વહેલું તો જ કમાશો દામ!!

દુઃખોનો દરિયો તો રહેવાનો જ હલેસા સુખના મારતા શીખો!
એક કમાય ને પાંચ જણ ખાય એવો સમય નથી રહ્યો!!
કાળનું ચક્ર ખબર નહિ ક્યારે જીંદગીને થપાટ મારીને આવશે!
ઉમર થતાં ડો ઘરમાં બેસશો તો ટોણા સાંભળવા પડે!!

શીયાળાનું છાણું ને જવાનીનું નાણું સાચવજો ભઈલા!
કારણ મોટપણું ઉંમર થતાં ખોઈ બેસે છે પોતાની કળા!!
મુડી હશે તો સૌ સગા આવશે. મફતિયાનો કોણ ભાવ પૂછે!
પતિ પત્નીમાંથી જો એક જણ જાય તો આંસુ કોણ લુછે!!

- પ્રદીપ કે. મહેતા

રમૂજ હાસ્ય

કાકા યુદ્ધ કરવા જાતા'તા...
કાકીએ લાલ બંડી પેરવા આપી.
કાકા : આ લાલ બંડી કેમ?
કાકી : તમે ઘાયલ થાવ અને લોહી નીકળે તો દુશ્મનને ખબર ન પડે ને એટલે...
કાકા : તો મને ધોતિયું પણ પીળું જ આપજે.

***

ડાર્લિંગ, શું હું જાડી લાગું છું?
નારે, એ એ એ, કોણે કીધું?
તો એક કામ કરોને મને તમારી બાંહોમાં ઉઠાવી ને ફ્રિજ સુધી લઈ જાવને, મારે આઈસ્ક્રીમ ખાવો છે.
તું આરામથી બેસ, હું ફ્રિજ ઉપાડતો આવું છું

***

હું એક જગ્યાએ રિસેપ્શનમાં ગયો ત્યાં આઈસ્ક્રીમ આપીને કપાળમાં કંકુનો ચાંદલો કરતા મે પૂછ્યું તમારા કુટુંબમાં ગજબનો રિવાજ છે, તો કહે એવું નથી. બીજીવાર આવે તો ખબર પડે, બાકી તો દસ દસ ડબી ઉલાળી જાય છે.

સંબંધોનો મહિમા અલૌકિક છે

''આપ્ત કોને માનવા!
દોસ્ત કોને માનવા!
છે સંબંધો કાંચના-
નિત્ય કોને માનવા...??''

સંબંધો બાંધવા જેટલા આસાન હોય છે તેટલા નિભાવવા આસાન નથી હોતાં. તમામ સંબંધોને આ વાત લાગુ પડે છે. બે વ્યક્તિ વચ્ચેના સંબંધો સચ્ચાઈભર્યાં ભલે હોય પણ તેમાં સતત લાગણીની ભરતી આવ્યા જ કરે તેવું હોતું નથી સમયના કાંટાની જેમ તેમાં પરિવર્તન આવ્યા જ કરે છે. કહેવાનું તાત્પર્ય કે દરેક સંબંધોમાં ભરતી-ઓટ સ્વાભાવિક આવ્યા કરે છે. કેમ કે માણસ પોતે તેના સંજોગ પ્રમાણે બદલાતો હોય છે તેમ જ તેની સાથેના સંબંધોમાં સંકળાયેલી વ્યક્તિ પણ બદલાતી રહે છે. તેના કારણે નવા નવા સંબંધોમાં જ્યારે ભરતીનો ઉછાળો આવે ત્યારે તેને દિલથી માણવી જોઈએ, પરંતુ તેમાં જો ઓટ આવે તો પણ સ્નેહનું વહેણ સતત જીવંત રાખતા તેનો અંત હંમેશાં સારો જ આવે છે.

એટલી સહનશીલતા, ક્ષમતા આપણામાં હોવી જરૂરી છે. વળી દરેક સંબંધોમાં સમય જતાં ક્યારેક આપસી મતભેદ અથવા મનદુઃખ થતાં હોય તો પણ આ સંદર્ભમાં માણસ-માણસ વચ્ચે ક્યારેક તિરાડ પડે યા સંબંધ તૂટે કે સંબંધના તાર અસ્તવ્યસ્ત પણ થાય તેટલું ખેંચવુંના જોઈએ આટલું સૌજન્ય દરેક વ્યક્તિમાં હોવું જોઈએ. કહેવાનું તાત્પર્ય એટલું કે સંબંધ ગમે તેટલો જૂનો, સ્નેહભર્યો કે લાગણીભર્યો કેમ ના હોય, પણ જો એ સંબંધ બગડે ત્યારે આપસમાં કઠોર અને કડવા વેણ બોલીને સાવ તોડી નાખવો ના જોઈએ.

''ઓસર્યા છોને અચાનક આપણાં સંબંધ આજ,
જો હશે ઊંડાણ તો વળશે ફરી ભરતી સમા...''

આમ તો દરેક સંબંધોમાં અને વ્યવહારમાં એકમેકની અપેક્ષાઓનું આગવું ગુંફન હોય છે ને ક્યારેક તેમાં જો તાણ પેદા થાય. સમય જતા એવું પણ બને ત્યારે તે સંબંધોને કઈ રીતે સાંધવા કે સાચવી લેવા તે વ્યક્તિની ખૂબીની વાત છે. સંબંધનું સાચું મૂળ પ્રેમ અને લાગણીમાં હોય છે. તેના કારણે તો પ્રેમી અને પ્રેમિકા શરૂઆતમાં એકમેકથી સાવ અજાણ્યા હોવા છતાં આપસી ખેંચાણ અનુભવે છે અને તેમાંથી પ્રેમની લાગણી જન્મે છે, પરંતુ જ્યારે આપસી સંબંધો વચ્ચે સંતુલન ડગમગી જાય છે ત્યારે દરેકને પોતાનો ઈગો-અહમ્, કલેશને સ્થાન આપોઆપ મળી જાય છે.

''બે જણાંની ચાહમાં પણ આહ જેવું શું હશે
લાગણી સંબંધમાં કંકાસ જેવું શું હશે..??''

ઘણાં કહે છે કે દીકરો પરણાવ્યો એટલે પારકો થઈ ગયો, પણ સાવ એવું નથી, પરણ્યા પછી દીકરો માનો મટી જતો નથી. એ એક જવાબદાર વ્યક્તિ તરીકે પોતાની બેવડી જવાબદારી ચોક્કસ સમજી શકે છે. તેમાં સંતુલન જાળવી શકે છે તે જ રીતે નવી આવનારી વહુ પણ સાસુ-સસરા સાથે સમજદારીપૂર્વક વ્યવહાર કરે ને પતિને પણ સંભાળી લેતો મા-દીકરા, સાસુ-સસરા ને વહુ વચ્ચે ચોક્કસ સારો સંબંધનો સેતૂ રચાઈ શકે છે જે હંમેશાં ટકી રહે છે. ક્યારેક સમજણના અભાવે આવું સંતુલન ના રાખી શકનાર વ્યક્તિ જીવનના અન્ય ક્ષેત્રે સફળતા મેળવી શકતી નથી. એટલે ઘર-પરિવારમાં યોગ્ય સંતુલન જાળવવું અને સુખ-શાંતિ-સ્નેહ અને લાગણીથી સૌને પોતાના કરી લેવા એ પણ એક આવડત છે, સમજણ છે.

દોસ્તીના સંબંધો ખાસ કરીને હંમેશાં લોહીના સંબંધો કરતાં વધુ મજબૂત અને ગાઢ હોય છે તેનું ઉત્તમ ઉદાહરણ છે. 'કૃષ્ણ અને સુદામા' 'રાધા અને કૃષ્ણ'. દોસ્તી ક્યારેય દરજ્જો કે પદ નથી જોતી. ઊંચ-નીચના ભેદભાવ દોસ્તીને નડતા નથી. દોસ્તીની કોઈ ઉંમર નથી હોતી, તેમ છતાં બાળપણની દોસ્તી અતિ મૂલ્યવાન અને બેનમૂન ગણાય છે. તેઓને સમયના બંધન નડતા નથી. વર્ષો પછી પણ બે મિત્રો મળે છે ત્યારે તેમની વચ્ચેનો સમય ક્ષણમાં ઓગળી જાય છે. સંબંધો હંમેશાં દરેક રીતે સાચવવા સંભાળવા પડે છે, પરંતુ મિત્રતા એક છત્ર છે જે હંમેશાં શીતળતા બક્ષે છે.

''રોજ હું વાવી રહી સંબંધને
રોજ આવી કોણ કાપી જાય છે.??'' પણ દોસ્તીમાં આવું બનતું નથી. કેમ કે સંબંધોનો મહિમા અલૌકિક છે.

''સંબંધો ફળ્યા એ રહે કેમ છાના?
જિગર બે મળ્યા એ રહે કેમ છાના??'' એક અંગ્રેજ કવિએ સાચું કહ્યું છે કે "Your friend is the man who knows all about you and still likes you.

- પુષ્પા મહેતા

મા-બાપને ભૂલશો નહીં

હમણાં જ આસામ સરકારે પસાર કરેલું વિધેયક દેશની અન્ય રાજ્ય સરકારને સત્કાર્ય પ્રત્યે પ્રેરણા આપનારું અને દેશમાં તબક્કાવાર આકાર લઈ રહેલા એક નવા ગૃહરોગ તરફ ધ્યાન દોરનારું છે. આ વિધેયક ૧૨૬ બેઠક ધરાવતી આસામ વિધાનસભામાંથી પસાર થઈ ગયું છે અને હવે સહી થઈ જતાં એનો કાયદો પણ બની ગયો છે.

આ વિધેયક પ્રમાણે આસામ રાજ્ય સરકારના તમામ કર્મચારીએ પોતાના માતા-પિતા અને પરિવારમાં કોઈ દિવ્યાંગ ભાઈ બહેન હોય તો તેમનું લાલન-પાલન કરવાનું રહેશે. જે તેઓ અત્યાર સુધી કરતા જ હોય. એમ સરકારે વિધાનસભામાં કહ્યું છે, પરંતુ જો તેઓ માતા-પિતાનું પાલન પોષણ નહીં કરે તો તેમના પગારમાંથી સરકાર ૧૦ ટકા રકમ કાપી લેશે અને એ નાણાં માતા-પિતાના સંબંધિત ખાતામાં જ સીધા જમા થઈ જશે.

મુખ્યમંત્રી સોનોવેલ આસામના એવા વૃદ્ધ દંપતી છે કે જેના સંતાનો સરકારી નોકરીના રૂઆબમાં પોતાના જન્મદાતાની જવાબદારીઓ ભૂલી ગયા છે અને આ નવા કાયદાથી આશ્ચર્ય અને આઘાત સાથે ભાન કરાવ્યું છે. આર્થિક બાબત આપણા જમાનાનું એક એવું સત્ય છે કે જેનાથી બુદ્ધિ પણ ખીલે છે. જે સંતાનોમાં માતા-પિતાને સાચવવાની બુદ્ધિ થોડી પણ ભ્રમિત થઈ હશે તે કમસેકમ આસામમાં તો સરકારના આ ઠરાવથી ઠેકાણે આવી જશે. માતા-પિતા માટે ૧૦ ટકા અને જો કોઈ દિવ્યાંગ ભાઈ બહેન હશે તો તેના વધારાના ૫ ટકા કપાશે. સામાન્ય પટ્ટાવાળા (સફાઈ કામદાર) સચીવ કક્ષા સુધીના તમામ કર્મચારીઓને આ કાયદામાં ઠરાવવામાં આવ્યા છે. આસામમમાં મુખ્યમંત્રીએ કહ્યું છે ટીકાકારો આનો વિરોધ કરી રહ્યા છે. પરંતુ નવી પેઢીને એનું ગૌરવ તો લેવા દો કે સરકાર અમારો પગાર કાપતી નથી. કારણ કે અમે સંયુક્ત કુટુંબના એક જ છત્ર હેઠળ સંપથી અને સુખેથી વસીએ છીએ.

દરેક પરીવાર એક સ્વતંત્ર મોડેલ છે એટલે કે કોઈ એકની બીજા સાથે તુલના ન થઈ શકે, છતાં પણ દૂરના પૂર્વ છેડેથી આસામનો કાયદો દિવાદાંડીની જેમ જીંદગીના જે ક્ષેત્રોમાં દેખાતી પેટાળ, ભેખડો આવેલી છે એનો ગાઢ અંધકારમાં અણસાર આપે છે.

જ્યારે જ્યારે વૃદ્ધાશ્રમની મુલાકાતે જાવ ત્યારે એ સ્વજનને પૂછજો કે કાકા તમારી માટે હું બરફી-પેંડા લાવી છું, ત્યાં ખાઈ લો અથવા કોલેજ કે શાળાના વિદ્યાર્થીઓ મુલાકાતે જાય ત્યારે ત્યાં તેઓ કેવી રીતે રહે છે, કેટલા રૂમ છે, ટી.વી. છે તે જોઈને અહેવાલ બનાવે છે, ફોટા પડાવે છે, નમસ્તે કે જય શ્રીકૃષ્ણ કહીને ચાલ્યા... પણ તે વડીલોને નથી બરફી, પેંડાની જરૂર, જરૂર છે તેમને લાગણી, પ્રેમ, હૂંફની. એમ પૂછજો કે દાદા તમને રાત્રે ઉધરસ આવે છે, આંખે બરાબર દેખાય છે, વ્હાલથી એ પ્રશ્ન પૂછજો... તેથી જ આસામ સરકારે જે વિધેયક ઠરાવ પસાર કર્યો તે સમાજની નવી પેઢીને માટે એક દીવાદાંડી છે.

- રૂપા એન. ઓઝા

''નિવૃત્તિ પછી...''

નિવૃત્તિ પછીની જીંદગી કેવી હોય એ વિશે કહું એના પહેલાં આપણે થોડી જીંદગી વિશે વાતો કરી લઈએ. જીંદગી નિવૃત્તિ પહેલાની હોય કે નિવૃત્તિ પછીની, તેને લાડકી રાખવી પડતી હોય છે. જિંદગીને લાડકી ન રાખે તો એ રિસાઈ જાય. એટલે સમયે સમયે તેને થોડી મનાવવી પડે... પટાવવી પડે છે. કોઈ તકલીફ હોય ત્યારે એને પ્રેમથી કહેવું પડે કે જો જિંદગી... બહુ દુઃખી નહીં થવાનું. ચાલ્યા રાખે, આવું તો થયા કરે, બધું બરાબર થઈ જશે!! થોડીક ધીરજ રાખ!

નિવૃત્તિ પછીની જિંદગીનું તો એવું છે ને આપણે જેવું કહીએ એવું કરે. આપણે હસીએ તો એ હસે, આપણે રડીએ તો એ રડે. આપણે એની સામે મોઢું મચકોડીએ તો એ પણ આપણી સામે ગુસ્સો કાઢે. એ તો એવું જ કરે ને! આખરે એ આપણો જ તો એક ભાગ છે. નિવૃત્તિની મજા તો એ જેવી છે એવી જ એને ગળે વળગાડવામાં છે!

મને એક વાત કહો. કોને ખબર નથી કે નિવૃત્તિ પછીની જિંદગી સારી રીતે જીવી જોઈએ? આ વાત આપણને બધાને ખબર છે. દુનિયાની બધી જ ફિલોસોફી એમ કહે છે કે જિંદગીને ભરપૂર જીવો. વર્તમાનમાં જીવો, દરેક ક્ષણને માણો. વીતી ગયેલો સમય પાછો આવવાનો નથી વગેરે વગેરે. આમ, જુઓ તો આમાં કંઈ જ નવું નથી. જિંદગીને ભરપૂર જીવવી જ જોઈએ. બધાને જીવવી પણ હોય છે. પણ, પ્રોબ્લેમ ત્યાં થાય છે કે, જિંદગીને ભરપૂર જીવી શકાતી નથી. કંઈક આડું આવી જાય છે અને કંઈક આપણને અટકાવતું રહે છે.

ઘણીવાર આપણે કંઈ સારું વાંચીએ કે કંઈક સારું પિક્ચર જોઈએ ત્યારે કેટલા બધા નવાનવા વિચાર આવવા લાગે. જેમ કે હમણાનું જ ગુજરાતી પિક્ચર 'ચાલ જીવી લઈએ' કેટલું સરસ પિક્ચર હતું. થિયેટરમાં બેઠાબેઠા એટલાં બધા વિચારો આવી જાય કે જીંદગીને તો આમ જ જીવાય. એમાં સિદ્ધાર્થ રાંદેરિયાનો કેટલો સરસ ડાયલોગ છે કે **''તમે કેટલું જીવ્યા એ મહત્વનું નથી, કેવું જીવ્યા એ મહત્વનું છે. ખાવો, પીવો, જલસા કરો અને ઘણું જીવો.''** આ બે વાક્યમાં એ કેટલું બધું કહી જાય છે. પણ અફસોસની વાત એ છે કે જ્યારે જીવવાનો સમય હોય ત્યારે જ આ વાત ભુલાઈ જવાતી હોય છે. જો કે એના પાછળ પણ ઘણાં કારણો છુપાયેલા રહેતા હોય છે. એ પિક્ચર હતું અને વાસ્તવિકતા કંઈક જુદી જ હોય.

રોજ કંઈક નવું થાય છે. ક્યારેક નિષ્ફળતા મળે તો ક્યારેક ઉદાસી છવાય જાય. તો વળી આંખ ક્યારેક ભીની થઈ જાય. જાણે એમ લાગે કે આપણી જિંદગી પણ જાણે મોસમ જેવી છે ક્યારેક ખુશી તો ક્યારેક ગમ. એ સતત બદલતી જ રહે છે. રોજ નવા રંગ અને રૂપ સાથે આપણી સમક્ષ આવી જાય છે. કોઈ દિવસો તો એવા આવી જાય કે જેની આપણે કલ્પના પણ ન કરી હોય.

મારા જીવનમાં અનેક ખુશીના પ્રસંગો આવ્યા જેમ કે પરિવારમાં દીકરા-દીકરીઓનું આગમન થયું. ત્યાર બાદ તેમના લગ્નના પ્રસંગો આવ્યા. પૌત્રાઓ-દોહિત્રીઓના રૂપમાં વ્યાજ મળ્યું. બધાની સામે જોઉ તો આંખ ભીની થઈ જાય અને મનોમન ભગવાનને પ્રાર્થના કરું કે હે ભગવાન, હું કેટલો નસીબદાર છું તમે મને કેટલો સારો પરિવાર આપ્યો! હું તમારો આભાર માનું એટલો ઓછો છે.

પણ, મેં આગળ જણાવ્યું એમ જિંદગી રોજ બદલાતી રહે છે. એમ મારી જીંદગીમાં આવ્યો ૧૧ જુન ૨૦૧૮નો એ દુઃખભર્યો દિવસ. જે દિવસે મારી પત્નીનું અવસાન થયું. જાણે આભ તુટ્યું હોય એવું લાગ્યું. જીંદગીની આ ઉંમરે જ્યારે જીવનસાથીની સૌથી વધારે જરૂર હોય અને છૂટા પડવું એ હૃદયને કંપકંપાવી દે એવી ઘટના છે. જાણે ઘડપણની લાકડી ગુમાવી હોય તેવું દુઃખ થાય છે. આખી જિંદગી તો આપણે પૈસા કમાવવામાં વીતાવી હોય અને એનો સમય સંતાનોને મોટા કરવામાં, પરણાવવામાં અને ઘરની જવાબદારીમાં જ પૂરો થઈ ગયો હોય અને જ્યારે બંને જવાબદારીમાંથી મુક્ત થાય, નિવૃત્ત થાય અને ઘડપણમાં જ્યારે એકબીજાને સમજવાનો, આનંદ કરવાનો સમય આવે ત્યારે ભગવાન એક પાત્રને બોલાવી લે છે... ત્યારે ભગવાનનું ક્યારેક આ અવિચારી પગલું લાગે. પણ, હશે... આ જ તો સંસારનો નિયમ છે.

આ જગતમાં જેટલા આવ્યા છે એ બધા જ ચાલ્યા જવાના. બીજાની જેમ આપણે પણ ચાલ્યા જવાના છે. આપણે પણ ભુલાઈ જવાના છીએ. આપણાને આપણી જ બે-ત્રણ પેઢી અગાઉનું કંઈ ખબર નથી. પરદાદાના દાદા કોણ હતા? એ શું કરતા હતા? એમણે જિંદગી કેવી રીતે પસાર કરી એ કંઈ જ ખબર નથી. તો આપણને તો કોણ યાદ રાખવાનું?

આપણે બધાએ એક વાત યાદ રાખવાની જરૂર છે કે આજે આપણી હયાતી છે. કાલે આપણે હોઈએ કે ન હોઈએ. એ માટે વધુ વિચાર કરવા કરતાં. આજે તમને કોઈ પ્રેમ કરે છે. આજે તમારી કોઈ રાહ જુએ છે. આજે તમારી વાતથી કોઈને સાંત્વના મળે છે. એ શું કંઈ નાની સૂની વાત છે? આપણી જિંદગી એ જ છે કે આપણે આપણી આજને કેવી રીતે જીવીએ છીએ. જે છે એ આજ છે!

દરેક વ્યક્તિ કોઈ ઉદ્દેશ સાથે જન્મે છે. આપણા હોવાનો પણ કોઈ અર્થ હોય છે. આપણી હયાતીનું કોઈ કારણ હોય છે. દરેક ક્ષણે આપણે કંઈક નવું મેળવીએ છીએ. હૃદય ધબકતું રહે છે. શ્વાસ ચાલતો રહે છે. ઘડિયાળના કાંટા ફરતા રહે છે. આ બધું જ એ વાતની ગવાહી પૂરે છે કે જિંદગી ગતિશીલ છે. સતત ચાલતા રહેવું એ જિંદગીની પ્રકૃતિ છે. પછી ભલે ને નિવૃત્તિ પણ કેમ ના હોય!!

પ્રકૃતિનો કણેકણ એ જ સંદેશો આપે છે કે ગતિશીલ રહો, ધબકતા રહો, હસતા રહો, પરિવર્તનો તો ચાલતા જ રહેવાના છે. જો આપણે આપણા ભૂતકાળને સમૃધ્ધ રીતે જોવા ઈચ્છતા હોય તો આજને ન વેડફવી જોઈએ. હતાશ પણ ન થવું જોઈએ. અને હા, નકારાત્મક ઘટના કે વિચારને તો આપણી આજુબાજુમાં ફરકવા પણ નહીં દેવાનો. જિંદગી આપણી છે તેને કેવી બનાવવી તે આપણા હાથની વાત છે.

મને યાદ છે કે પહેલાના વડીલો એવું કહેતા કે દરેક માણસની જિંદગીમાં એક દાયકો એવો આવે છે જ્યારે એનો પડ્યો બોલ ઝિલાતો હોય કોઈનો ચમકતો સિતારો જોઈને એવું કહેવાય છે. કે અત્યારે એનો દાયકો ચાલે છે. એ વિશે મારા પિતાશ્રીએ કહેલી વાત યાદ આવે છે કે જ્યારે આપણે દાયકો ચાલતો હોય ત્યારે સમજણની સૌથી વધુ જરૂર પડે છે. એક વસ્તુ ખાસ યાદ રાખવાની કે સમય ક્યારેય એકસરખો રહેવાનો નથી. આપણે જો આપણા સારા સમયને સારી રીતે જીવીએ તો ખરાબ સમય આપણને સાચવી લેતો હોય છે.

અત્યારે આ લખું છું ત્યારે ભૂતકાળ સામે નજર કરું છું તો કેટકેટલી વાતો યાદ આવે છે. એવું લાગે છે કે જીંદગી તો કેટલી બધી ઘટનાઓ અને દુર્ઘટનાઓનો સરવાળો છે. કોઈ આવે છે, કોઈ જાય છે, કોઈ ગયા પછી પણ દિલમાં રહી જાય છે. કોઈ સદાને માટે ચાલ્યું જાય છે. જેને પોતાના માનતા હોઈએ એ પારકા થઈ જાય છે. આપણે પોતે પણ બદલાતા રહીએ છીએ.

એમ થાય છે કે એક જિંદગી અને કેટલા બધા અનુભવો!! કેટલા ચડાવ અને કેટલા ઉતાર!! ક્યારેક રાજીપો તો ક્યારેક નારાજગી!! ક્યારેક ઉત્સાહી તો વળી ક્યારેક ઉદાસી, વેદનાઓ, સંવેદનાઓ અને એવું તો કેટલું બધું. આંસુ પણ ક્યારેક ખુશીના તો ક્યારેક ગમના! દિવસ ક્યારેક રાત જેવો લાગે અને રાત ક્યારેક દિવસ જેવી લાગે. ક્યારેક ઊંઘ આવી જાય તો ક્યારેક ઉજાગરા પણ થાય. ઊંઘ આવે તો બધું ભુલાઈ જાય છે. અને ઊંઘ ન આવે તો કેટલું બધુ યાદ આવી જાય છે!!

વીતેલી જિંદગીના પાનાઓ ઉથલાવું છું તો કેટકેટલા સંબંધોની યાદ તાજી થઈ ગઈ છે. જિંદગીના અનેક રંગો જોયા, ખુશ છું હું મારી જીંદગીથી, મારા પરિવારથી, મારા મિત્રોથી, મારા અનેક સાથીઓ જે મને દરેક ક્ષેત્રમાં મળ્યા, મારા ૭૨ વર્ષના જીવનકાળ દરમિયાન મળેલ દરેક વ્યક્તિથી કે જેમણે મને ઘણું બધુ શીખવ્યું.

અને હા, વાત કહું નિવૃત્તિની તો એ મે હજી લીધી જ નથી. અને લઈશ પણ નહી. કારણકે પ્રવૃત્તિ એ જ મારું જીવન છે અને હું આજે પણ પ્રવૃત્ત છું અને છેલ્લા શ્વાસ સુધી રહીશ અને સૌને કહીશ કે જ્યાં સુધી હાથ પગ ચાલે છે ત્યાં સુધી પ્રવૃત્ત જ રહેવું.

કહેવાય છે ને કે જે વ્યક્તિ પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લે અને નિવૃત્તિમાં પ્રવૃત્તિ કરે એનું જીવન સદાબહાર મહેકતું રહે છે. માટે જ જિંદગી નિવૃત્તિ પહેલાંની હોય કે પછીની... પ્રવૃત્તિ તો કરવાની જ... એમાં નિવૃત્તિ ક્યારે પણ નહીં.

- નેણશીભાઈ મીરાણી - થાણા

સ્વાસ્થ્યનો અખૂટ ખજાનોઃ કેળાં

પ્રથમ તો વિશ્વભરમાં આપણો દેશ ભારત કેળાંના ઉત્પાદનમાં પ્રથમ નંબરે આવે છે. સૌથી વધુ કેળાંનો પાક તમિળનાડુમાં ૫૧૩૬ મેટ્રિક ટન થાય છે. ત્યારબાદ ગુજરાતમાં ૪૫૨૩ મેટ્રિક ટન, મહારાષ્ટ્રમાં ૩૬૦૦ મેટ્રિક ટન થાય છે. મહારાષ્ટ્રના જળગાંવમાં કેળાંનું ઉત્પાદન મોટા પાયે થાય છે. એક ગણતરી મુજબ વર્ષની અઢી લાખ ટ્રક કેળાંની ભરાઈને વિવિધ શહેરોમાં તથા નિકાસ માટે તૈયાર થાય છે. આંધ્રપ્રદેશમાં ૩૨૪૩ મેટ્રિક ટન, કર્ણાટકમાં ૨૫૨૯ મેટ્રિક ટન, બિહારમાં ૧૭૦૩ મેટ્રિક ટન, મધ્ય પ્રદેશ ૧૭૦૧ મેટ્રિક ટન, વેસ્ટ બંગાળ ૧૦૭૭ મેટ્રિક ટન, આસામ ૮૩૭ મેટ્રિક ટન તથા ઓરિસ્સામાં ૫૨૧ મેટ્રિક ટન કેળાંનું ઉત્પાદન થતું જોવા મળે છે.

કેળાંનો નૈવેદ્ય તરીકે ઉપયોગ કેમ થાય છે?

કેળાંની ઉત્પત્તિ વિશે એક રસપ્રદ વાર્તા જાણવા મળી. ચાલો, આપ પણ તેને જાણી લો. એવું કહેવાય છે કે દુર્વાસા મુનિનો સ્વભાવ ગુસ્સાવાળો હતો. એક વખત ઋષિ પત્ની કંદલીએ તેમની પાસે જઈને હસતાં હસતાં કહ્યું કે હે ઋષિ, આપના ગુસ્સાથી પ્રજા સદાય ડરતી જોવા મળે છે. હું આપની સાથે લાંબા સમયથી રહું છું. તો શું આપને નથી લાગતું કે આપે મને એક વરદાન આપવું જોઈએ. દુર્વાસા ઋષિને પત્ની કંદલીની વાત બહુ ગમી નહીં. તેમ છતાં તેમણે તેની ઉપર ગુસ્સો ન કર્યો કે શાપ પણ ન આપ્યો. તેમણે વિચાર્યુ કે તેની વાત ખોટી ન હતી. તેમણે પત્ની કંદલીને વરદાન માગવા કહ્યું સાથે ફક્ત એક જ વરદાન માગવાની શરત મૂકી. તેથી વિચારીને વરદાન માગવા જણાવ્યું.

કંદલીએ જણાવ્યું કે આપ મારા માટે એક એવા અનોખા ફળનું સર્જન કરો, જે દેખાવમાં આકર્ષક હોય, તેનું વૃક્ષ સ્વર્ગમાં નહીં પૃથ્વી ઉપર ઊગે, આખું વર્ષ પ્રત્યેક પ્રદેશમાં તે ઊગે, ઝૂમખામાં ફળો આવે, ફળ બીજ વગરનું હોય, ખાતી વખતે ગંદવાડ ન થવો જોઈએ. ફળ કાચું હોય ત્યારે શાક તરીકે ખવાય, પાકે ત્યારે પૂજામાં વાપરી શકાય. આમ તે ફળના પ્રત્યેક ભાગ લોકો માટે ઉપયોગી હોવા જોઈએ. દુર્વાસા ઋષિ તો પત્નીની ચતુરાઈભરી માગણીથી આશ્ચર્યચક્તિ થઈ ગયા. કંદલીની દેખીતી રીતે સરળ લાગતી માંગણીએ તેમને વિચારતા કરી મૂક્યા. સ્ત્રીઓ વાસ્તવમાં ભારે ચતુર હોય છે. પુરૂષો પળભરમાં અસ્વસ્થ બનીને અનેક વખત ઉતાવળમાં નિર્ણય લઈ લેતાં હોય છે. ઋષિ દુર્વાસાએ સરસ્વતીને પ્રાર્થના કરીને પત્નીએ માગેલા વરદાનને યોગ્ય ન્યાય મળે તેવા જ્ઞાનની અપેક્ષા કરી. થોડાં સમય બાદ તેમની વિચારબુદ્ધિ યોગ્ય દિશામાં ચાલવા લાગી.

આમ સર્જન થયું ભારત દેશના ખૂણે ખૂણે આસાનીથી મળી રહેતાં સાત્ત્વિક ફળ કેળાંનું. દુર્વાસા ઋષિના પત્ની તો આનંદિત બની ગયા. તેમણે ફળનું નામકરણ કર્યું 'કંદરી'. ઋષિ પત્નીએ ઉત્સાહમાં આવીને આનંદના ખબર પણ લોકોમાં ફેલાવી દીધા કે મારા પતિ તેમના ગુસ્સાવાળા સ્વભાવને કારણે જાણીતા છે. તેમ છતાં તેમણે મારા પ્રત્યેના પ્રેમને વશ થઈ આ ફળ બનાવ્યું છે. તેથી આ ફળ ખાનાર વ્યક્તિનું સ્વાસ્થ્ય સદાય તંદુરસ્ત રહેશે. લોકોને જેમ જેમ જાણ થઈ તેમ કેળાંનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. તેનો સ્વાદ પણ પસંદ પડ્યો. કંદરીમાંથી તેનું નામ બદલાઈને 'કદલી' બની ગયું. સંસ્કૃતભાષામાં કેળાંને 'કદલી' તરીકે ઓળખવામાં આવે છે. આજે પણ ઈશ્વરને નૈવેદ્ય ધરાવતી વખતે કેળાંની પસંદગી પ્રથમ કરવામાં આવે છે.

કેળના વૃક્ષના પ્રત્યેક ભાગ જેવા કે પર્ણ, ડાળી, શાખા, થડ, ફૂલ, ફળ વગેરેનો ઉપયોગ આપણે રોજબરોજના વપરાશમાં આસાનીથી કરી શકીએ છીએ. કેળાં માટે એવું કહેવાય છે કે તે ત્વરિત શક્તિનો સંચાર શરીરમાં કરે છે. તેથી જ દેશ-વિદેશમાં કેળાંના ચાહકો વધતા જાય છે. કાચાં કેળાંને રાંધી શકાય, તેનું શાક બનાવી શકાય કે તેની વેફર્સ, લાજવાબ પેટિસ, પકોડા પણ બનાવી શકાય છે.

કેળાંનો ઉપયોગ વિવિધ પ્રકારની મીઠાઈ બનાવવામાં પણ થાય છે. ખીર, માલપુઆ, ફ્રૂટ સલાડ, હલવો, શીરો, પનિયારમ. કેરળમાં અવિયલ કે કાલન તરીકે જાણીતી કરીમાં પણ કેળાંનો ઉપયોગ ખાસ કરવામાં આવે છે. તો આસામમાં જૉલપાન તરીકે પ્રચલિત સવારના નાસ્તામાં ગોળ તથા દહીંથી બનાવેલા ખાસ ભાતની વાનગીમાં કેળાંના ટૂકડાંથી સજાવીને પીરસવામાં આવે છે. ખેલાડીઓ કેળાંનું સેવન કરીને શરીરને સ્ફૂર્તિલું બનાવી દે છે. મુંબઈ જેવા શહેરમાં ઑફિસની આસપાસના વિસ્તારમાં લંચબ્રેકમાં અનેક રસિયાઓ એક લટાર મારીને કેળું ખાઈને તરોતાજા થતાં હોય છે. તો વળી સુથાર, કડિયા કે મજૂરીનું ભારે કામ કરતાં લોકો પણ બપોરે બે -ત્રણ કેળાં ખાઈને સ્વાસ્થ્યની કાળજી લેવાનું પસંદ કરતા હોય છે. કેળાંમાં કૅલરીનું પ્રમાણ સારી માત્રામાં છે તેથી મીઠાઈના એક ટૂકડાં કરતાં એક કેળું ખાવાથી શરીરમાં શક્તિનો સંચાર થાય છે. વળી તે સ્વાસ્થ્યવર્ધક પણ ગણાય છે.

પાકાં કેળાંની છાલ ઉતારીને ખાઈએ એટલે કાંઈ ગંદું ન થાય. ફળ બીજ વગરનાં હોય છે. કેળાંની લૂમ હોય છે. કેળનું એક ઝાડ એક વર્ષનું આયુષ્ય ધરાવે છે. વળી કેળના ઝાડનું આયુષ્ય પૂરું થાય તે પહેલાં તેની આસપાસ તેના અનેક નવા છોડ ઊગી નીકળે છે.

હૃદયને તંદુરસ્ત બનાવે છે : કેળાંમાં પોટેશિયમ તથા મિનરલ્સનું પ્રમાણ પૂરતાં પ્રમાણમાં છે. આથી બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ બને છે. પોટેશિયમ શરીરમાં લોહીનું ઊંચું દબાણ કાબૂમાં રાખવા માટે ઉપયોગી ગણાય છે. વધારે પડતાં તળેલાં કે ચટપટા પદાર્થો ખાવાને કારણે બ્લડપ્રેશરની તકલીફ વધે છે. કેળાંનો નિયમિત આહારમાં ઉપયોગ કરવાથી એક વયસ્ક વ્યક્તિના શરીરને ૪૭૦૦ મિલિગ્રામ પોટેશિયમની જરૂરિયાત હોય છે. એક કેળાંમાંથી ૪૫૦ મિલિગ્રામ પોટેશિયમની જરૂરિયાત સચવાઈ જાય છે, જે હૃદયની બીમારીથી વ્યક્તિને બચાવી શકે છે.

માનસિક તાણમાં ઉપયોગી : એવું કહેવાય છે કે કેળાંમાં વિટામિન બી-૬નું પ્રમાણ ભરપૂર છે. બી-૬ની ઊણપને કારણે વ્યક્તિ માનસિક તાણનો શિકાર બને છે. સ્વભાવમાં ચીડિયાપણું આવી જાય છે. વિટામિન બી-૬ શરીરમાં સીરોટોનિન બનાવવામાં આવશ્યક ગણાય છે. જે મગજમાં ન્યૂરોટ્રાન્સમીટરના તરંગો પહોંચાડીને વ્યક્તિના વિચારોને આનંદિત બનાવવામાં ઉપયોગી થાય છે. વળી કેળાંમાં વિટામિન સી, મેગ્નેશિયમ, આયર્ન તથા કોપરની માત્રા પણ વધુ છે.

પેટની ગરબડમાં રામબાણ : કેળાંનો આહારમાં નિયમિત ઉપયોગ કરવાથી પેટની ગરબડનો ઝટપટ ઉકેલ આવે છે. અનેક વખત શરીરમાં આપણે સ્વાદને ખાતર કસમયે ચટપટું ખાવાની આદત, મોડી રાત સુધી જાગવું કે વધુ પડતો તીખો, તળેલો કે વાસી ખોરાક પણ પેટમાં પધરાવતા હોઈએ છીએ. લાંબાગાળે પાચનની સમસ્યા સર્જાય છે. છાતીમાં બળતરા કે અપચાની તકલીફનો શિકાર આધુનિક યુગમાં અનેક લોકોમાં જોવા મળે છે.

કેળાંમાં સોલ્યુબલ તથા ઈનસોલ્યુબલ ફાઈબરનું પ્રમાણ પણ સારી માત્રામાં સમાયેલું છે. સોલ્યુબલ ફાઈબરને કારણે લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. આથી સવારના નાસ્તામાં કેળું ખાવાનું ખાસ આહાર તજજ્ઞો દ્વારા પણ સૂચવવામાં આવે છે.

ગર્ભાવસ્થામાં શ્રેષ્ઠ : ગર્ભાવસ્થામાં શરીરને મિનરલ્સ તથા વિટામિન્સની સૌથી વધુ જરૂરિયાત હોય છે. તેથી જ ગર્ભવતી મહિલાને નિયમિત કેળાંનું સેવન કરવાની સલાહ આપવામાં આવે છે.

કેલ્શિયમની ઊણપમાં ફાયદાકારક : ઘણા બાળકોને બાળપણમાં માટી ખાવાની આદત હોય છે. આમ કરવાનું મુખ્ય કારણ તેમના શરીરમાં કેલ્શિયમની ઊણપ હોવાનું મનાય છે. કેળાંની સાથે ઘી ભેળવીને ખાવાથી બાળક થોડા જ સમયમાં માટી ખાવાનું બંધ કરી દે છે.

શક્તિવર્ધક : કેળાંનો માવો બનાવીને તેમાં મધ -ઘી ભેળવીને ખાવાથી શરીરમાં નવા લોહીનો સંચાર થાય છે, કૃશ વ્યક્તિનું શરીર તંદુરસ્ત બને છે. શરીરમાં શક્તિનો સંચાર થાય છે. થાકનું પ્રમાણ ઘટીને શરીર સ્ફૂર્તિલું બની જાય છે.

આજે તો વિશ્વમાં કેળાંની ૩૦૦થી પણ વધુ વિવિધતા જોવા મળે છે.

સૌથી વધુ પાકતા કેળાં એટલે પીળા કેળાં, પીળી છાલ વાળા કેળાંઃ આ કેળાંને અંગ્રેજીમાં કૅવેનડીશ બનાના તરીકે ઓળખવામાં આવે છે.

લાલ કેળાં : દેખાવમાં તે થોડા નાના હોય છે પણ સ્વાદમાં મીઠા હોય છે. તેને ખાતી વખતે કેરીનો સ્વાદ માણવાનો લહાવો મળે છે. મોટે ભાગે અમેરિકા, સાઉથ આફ્રિકા તથા અખાતના દેશોમાં તેનો પાક વધુ જોવા મળે છે.

એલચી કેળાં : સામાન્ય વેચાતા પીળા કે લીલા કેળાંની સરખામણીમાં તેની છાલ પાતળી હોય છે. સ્વાદમાં મીઠા તથા એલચીનો સ્વાદ ધરાવતા હોવાથી તેને એલચી કેળાં તરીકે ઓળખવામાં આવે છે. તેની કિંમત થોડી વધુ હોય છે.

આઈસ્ક્રિમ કેળાં : (બ્લ્યુ કેળાં) તે હવાઈયન કેળાં તરીકે પણ જાણીતાં છે. આ કેળાંનો સ્વાદ માણો તો જાણે આપ વેનિલા આઈસક્રિમ ખાતા હોવ તેવો અનુભવ થાય.

કેસરી કેળાં : ચીનમાં પાકતાં આ કેળાંની લંબાઈ ફક્ત ૨ સે.મી જેટલી હોય છે. વળી આ કેળામાં બી પણ હોય છે. આકર્ષક દેખાવને કારણે તેનો પાક મોટા પ્રમાણમાં કરવામાં આવે છે.

ગુલાબી કેળાં : આ કેળાંનો માવો કે ગર સ્વાદમાં મીઠો હોય છે. તેમાં પણ બી હોય છે. તેથી સંભાળીને ખાવું પડે છે. જો થોડી બેકાળજી રાખવામાં આવે તો દાંતમાં દુખાવો થવો કે તૂટી જવાની સંભાવના રહે છે.

એવું કહેવાય છે કે ભારતમાં પાકતાં કેળાંની લૂમને એલેક્ઝાન્ડર યુરોપિયન દેશોમાં લઈ ગયો. આમ કેળાંને દુનિયા સમક્ષ લાવવાનું શ્રેય એલૅક્ઝાન્ડરને આપવામાં આવે છે.

– *શ્રીલેખા યાજ્ઞિક*

પ્રભુને સર્વ સોંપીને

(ગઝલ)

પ્રભુને સર્વ સોંપીને, પ્રભુનું ધાર્યું થાવા દે,
પ્રભુની આ બદનબંસી, પ્રભુને તું બજાવા દે. પ્રભુને સર્વ...

પ્રભુના સૂરથી ન્યારો, કરે તું સૂર મમતાનો,
પ્રભુના સૂરમાં તારો, હૃદયનો સૂર મિલાવી દે. પ્રભુને સર્વ

પ્રભુ શિરસ્વામી છે મોટો, પછી શો છે તેને તોટો,
પ્રભુના અંકમાં બેસી, પ્રભુનું ધાર્યું થાવા દે. પ્રભુને સર્વ...

પ્રભુના જગતબાજારે, બન્યો સેવક તું વ્યવહારે,
પ્રભુના નામ પર ત્યારે, નફો નુકસાન થાવા દે. પ્રભુને સર્વ...

પ્રભુની નાટ્યશાળામાં, બન્યો નરદેહ આ જ્યારે,
રમાડે ખેલ ખેલાડી, વૃથા શું તું કૂટે ત્યારે? પ્રભુને સર્વ...

ન ધાર્યું થાય તારું તો, નકામો ક્યાં મથી મરતો?
અલગ થઈ જાજો હવે પ્યારા, પ્રભુનું ધાર્યું થાવા દે.પ્રભુને સર્વ...

બન્યો તું દોઢ-ડહાપણિયો, મધુરા વાક્ય તું બોલે,
કરે વ્યવહાર તું સઘળો, મમત ને હું તણા તાલે. પ્રભુને સર્વ...

ચરાચર દેહની બંસી, બજાવનહાર સાચો છે,
નથી તેં પારખ્યો પ્રેમે, કસોટીમાં તું કાચો છે. પ્રભુને સર્વ...

કહે પ્રારબ્ધિની સત્તા, નથી પ્રારબ્ધ તે જોયું,
રમે ઇંદ્રિય ભોગોમાં, અચળમાં ચિત્ત ના પરોવ્યું.
પ્રભુને સર્વ...

નચાવે ભ્રાંતિયો તુંને, થયો અભ્યાસનાં કેદી,
શરણ જગદીશમાં વૃત્તિ, પછી થાનાર થાવા દે.
પ્રભુને સર્વ સોંપીને, પ્રભુનું ધાર્યું થાવા દે.

– સ્વામી જગદીશતીર્થ-મુડેટી

"રવિવાર" એટલે......!

વ્યવસાયમાં વિખરાયેલી જિંદગીને, પરિવાર સાથે બેસીને, થોડું થીગડું મારવાનો દિવસ એટલે રવિવાર...
જીવનમાં રવિવારના બે તબક્કા
બાળપણનો રવિવાર એટલે થાકવાનો રવિવાર...? અને અત્યારનો રવિવાર એટલે થાક ઉતારવાનો રવિવાર...!
રવિવાર એટલે આ એક્ષપ્રેસ જીંદગીની રેલગાડીની સફરમાં આવતું એક નાનું સ્ટેશન...
ક્યારે આવી ને જતું રહે છે ખબર જ નથી રહેતી...!

જૈનધર્મ અને આધુનિક જીવનશૈલી

આજનું આધુનિક વિજ્ઞાન લાંબુ સ્વસ્થ જીવન જીવવા માટે અત્યંત આધુનિક જીવન પદ્ધતિની વિચાર-સરણીના સલાહ સૂચન કરે છે. બાલ્યા અવસ્થાથી માંડીને વૃદ્ધા-અવસ્થા સુધીના. જેમ કે વ્યાયામ-કસરત, આહારપદ્ધતિ, આધુનિક કસરત માટેના ઉપકરણો પરંતુ શ્રમજીવી વર્ગ માટે તો અસંભવિત છે, કારણ પૈસાનો અભાવ છે. કપરી પરિસ્થિતીમાં જીવનની રફતાર દોડે છે એ સમુહ કેવી રીતે આ જીવનશૈલી જીવી શકે? થોડા સમય પહેલાની જીવનશૈલી તરફ દૃષ્ટિપાત કરવાની જરૂર છે. ગૃહકાર્ય કરવાથી શારીરિક કસરત થઈ જાય છે. જમીન ઉપર પલાઠી વાળીને બેસવાથી પગના ઘૂંટણને સારી કસરત થાય છે અને આહાર પદ્ધતિમાં પરિવર્તનની ખૂબ જ જરૂરી છે. જો કે સામાન્ય આ સર્વ જાણકારી સર્વને વિદિત છે, પણ સંજોગને આધિન જાણવા છતા અપનાવી શકતા નથી. આજે જેની પાસે શક્યતા, સંજોગોની અનુકુળતા હોય તો તે ૫૦% જીવનશૈલી સુધારી શકે છે, પણ જૈન ધર્મના સિદ્ધાંતને અપનાવીએ તો ઘણી બિમારીઓથી દૂર રહેવાની શક્યતા છે. કારણ વિજ્ઞાનમાં જૈન ધર્મના સિદ્ધાંતની રચના બતાવેલી છે. સ્વાસ્થ્ય માટે આહાર ઉપર ધ્યાન કેન્દ્રીત કરવાની જ આવશ્યકતા છે. પરંતુ આજની પેઢી આરોગ્યપ્રદ ખોરાકથી દૂર થતી જાય છે. જૈન ધર્મ પ્રમાણે ચૌવિહાર-નવકારશી કરવું એ સ્વાસ્થ માટે અતિ ઉત્તમ છે.

સમયના પલટાતા પ્રવાહની સાથે વહેતું કદમ મિલાવીને ચાલવુ એનુ નામ જીવન. આજની નારી પલટાતા પ્રવાહમાં ઘણી જ કાર્યવંત બની છે. પતિના પડખે ઉભી રહી અર્થ વ્યવસ્થામાં સહાયભુત બની છે. એ ગૌરવ લેવા જેવુ છે.

સમજણની સમજદારી સંકોચાવી જાય છે અને અત્યારની આધુનિકતાનો જન્મ પરાપૂર્વથી ચાલી આવતી પરંપરામાથી જ થયો છે. પરંતુ નવી પેઢીએ તેનો કાયાકલ્પ એક વાક્યમાં ઘણુ કહ્યુ દીધુ.

'મળ્યુ છે તેને માણો આવતી કાલ તમારા હાથમા નથી.'

આધુનિકતામાં પુરાણીપ્રથાને સજીવન કરવાની છે.

- લી. ભારતીબેન નગીનદાસ મહેતા (નાગપુર)

પ્લીઝ, પ્રભુ પ્લીઝ!

પ્રભુ, તું અનેકવાર અમારી પર પ્રસન્ન થાય છે. જે માગીએ એ તું આપે પણ છે. છતાં અમારી મુશ્કેલી તો ઊભી જ રહે છે. અમે પૈસા માંગ્યા ને તે આપ્યા તો અમને સલામતીની ચિંતા થવા લાગી, અમે સલામતી માંગી ને તે આપી તો સરકારી નીતિ-નિયમને કારણે સતામણી થવા લાગી, અમે સારું-સારું ને સ્વાદિષ્ટ ખાવાનું માગ્યું ને તે આપ્યું તો દાંત ન રહ્યા, ને દાંત ન રહ્યા, ને દાંત માંગ્યા ને તે એવી પણ ગોઠવણ કરી આપી તો પાચનશક્તિ ન રહી, હે પ્રભુ, પોતાને જ્ઞાની સમજનાર અમે હજુ સુધી અજ્ઞાની જ રહ્યા, હે પ્રભુ, હવે તું અમોને તારી પાસેથી શું માંગવું એની થોડી સમજ તો આપ... પ્લીઝ, પ્રભુ પ્લીઝ...

બે માળના મકાનમાં રહેનારા અમે બીજા માળે પાણી પહોંચાડવા માટે મોટરનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે તું તો પ્રભુ, વિના મોટરે બે માળ જેટલા જ ઊંચા નાળિયેરના ઝાડ પર નાળિયેરમાં નિર્મળ નીર ભરી દે છે એ વાત જ અમારા ધ્યાનમાં કેમ ન આવી? પ્રભુ, તારી કૃપાઓ અમારા ધ્યાનબાર ન રહે એટલી તો કૃપા કર, પ્લીઝ, પ્રભુ પ્લીઝ.

શ્વાસોચ્છ્‌વાસમાં જ્યારે આપણને પ્રાણવાયુની કમી મહેસૂસ થઈ ત્યારે અમે પ્રાણવાયુ મેળવવા માટે આઈ.સી.યુ.માં 'વેન્ટીલેટર' પર રહેવા લાગ્યા ને એ કમી પૂરી કરવા મથતા રહ્યા પણ પ્રભુ, તે સર્જેલાને આખો દિવસ પ્રાણવાયુ આપતાં વૃક્ષો પર તો અમારી દૃષ્ટિ જ ન ગઈ. પ્રભુ, આવો સંકટનો સમય આવે એ પહેલાં અમો તે આપેલ સગવડતા તરફ દૃષ્ટિપાત કરતા થઈએ ને દૃષ્ટિ કરતા રહીએ એટલી સમજ તો આપ, પ્લીઝ, પ્રભુ પ્લીઝ.

પાણીમાં જ્યારે અશુદ્ધિ જણાઈ તો અમે પાણીનાં શુદ્ધિકરણ માટે આર.ઓ. પ્લાન્ટ બનાવ્યો પણ પ્રભુ તુ વગર પૈસે વગર માંગ્યે વરસાદ દ્વારા 'મિનરલ વૉટર' આપે છે એ વાત જ અમે તો સાવ ભૂલી ગયા, પ્રભુ, તારી અસામ ઉપલબ્ધિઓને અમે પળવાર પણ ભૂલી ન જઈએ એવું અમોને ભાન તો કરાવ. પ્લીઝ, પ્રભુ પ્લીઝ.

- અરવિંદ સોમૈયા

કર્મનિર્જરા

(ગતાંકથી ચાલુ)

આચાર્ય વિજય રાજહંસૂરિશ્વરજી

શુભ કર્મ - પુણ્ય કર્મનો બંધ થાય એની રીત આ પ્રમાણે છે-

૧) મને કોઈ દુ:ખ ન આપે કે મને કોઈ પ્રકારનું દુ:ખ ન આવે એ વિચારની જગ્યાએ મારે કોઈપણ જીવને કોઈપણ પ્રકારનું દુ:ખ આપવું નથી. મારાથી કોઈને દુ:ખ ન થવું જોઈએ. મન-વચન કે કાયાથી કોઈને દુ:ખ ન થવું જોઈએ. દા.ત. મારા બોલવાથી સામાના દિલને દુ:ખ ન પહોંચવું જોઈએ. વેપાર-ધંધો કરે તેમાં મને નુકશાન ન થવું જોઈએ. એની જગ્યાએ સામા વેપારીને નુકશાન ન થવું જોઈએ. મારા અહીં જવાથી કે આવવાથી બીજા કોઇને તકલીફ ન પડવી જોઈએ. માત્ર પોતાનો વિચાર કરવાની જગ્યાએ બીજાનો વિચાર કરીએ અને આગળ વધીને સર્વનો વિચાર કરીએ તો તે ધર્મધ્યાન થઈ જાય. અને એવા વિચાર દ્વારા અશુભ કર્મ તો ન જ બંધાય. પરંતુ શુભ-પુણ્ય બંધ થાય.

૨) મને બધા પ્રકારનું સુખ મળવું જોઈએ. કે મને સહુ સુખ આપે એના બદલે મારે સહુને સર્વપ્રકારનું સુખ આપવું છે કે વિશ્વના સહુ જીવોને સર્વપ્રકારનું સુખ મળે એવો ભાવ કરવો જોઈએ. હું બધાને અન્ન-વસ્ત્ર ઘર-આરોગ્ય આપનારો થાઉં. હું સહુનો આદર-સત્કાર-સન્માન બહુમાન કરનારો થાઉં. 'સર્વત્ર સર્વજીવ સુખી થાઓ' આવો ભાવ કે આવો વિચાર કરવાથી સર્વમાં આપણે તો આવી જ જઈએ છીએ અને પ્રકૃતિનો નિયમ એવો છે કે તમે વિશ્વના સહુ જીવોને જે આપો છો એમ એમના માટે જે વિચારો છો તે અનેક ઘણુ થઈને તમને મળે છે. દુ:ખ આપો છો તો દુ:ખ મળે છે અને સુખ આપો છો તો સુખ મળે છે.

'જેવું ઈચ્છો અવરનુ, તેવું પોતાનું થાય.' આ વિશ્વ એ 'ઈકો પોઈંટ' છે. ઈકો પોઈંટમાં તમે જે બોલો છો તેનો જ પડઘો પડે છે. સામા વ્યક્તિ માટે અથવા વિશ્વ માટે તમે જે વિચારો છો તેવું જ તમારા માટે અનેક ઘણું થઈને તમને મળે છે. આ વિચાર ધર્મધ્યાન થાય છે. અને ધર્મધ્યાનથી પુણ્યકર્મ બંધાય છે. જેવા ચઢિયાતા ભાવ તેવું ઉત્કૃષ્ટ પુણ્ય બંધાય.

૩) મારા દોષ કોઈ ન મળે તેની જગ્યાએ મારે કોઈના દોષ, અવગુણ, ખામી, ભૂલ જોવા નથી. જાણવા નથી, બોલવા નથી કે સાંભળવા નથી. **न जूओ परदूषणं** અને વિચારવા પણ નથી. બીજો જે કરતો હોય તે જોયા વિના મારે કરવું નથી કારણકે પાપ કરનાર તો પાપી છે જ પરંતુ બીજાના પાપ જોનાર, બોલનાર, સાંભળનાર પણ પાપી છે. પરનિંદા એ મોટામાં મોટું પાપ છે. વળી આપણે જેવું જોઈએ, બોલીએ કે સાંભળીએ તેવા દોષ આપવામાં આવે છે માટે મારે બોલવા નથી. આ ધર્મધ્યાન છે.

૪) મારા ગુણ-સુકૃત-ધર્મ-સારપ બધા ભલે. આ આપણા ગુણનો આપણને ભાર છે. અને 'ભારે હોય તો નીચે જાય, હળવા હોય તો ઉપર જાય.'

એ નિયમ અનુસાર આપણાં ગુણનો ભાર પણ આપણને ડૂબાડે આ આર્તધ્યાનની જગ્યાએ મારે આ વિશ્વના સર્વે જીવોના ગુણ જાણવા છે. જોવા છે. સાંભળવા છે અને બોલવા છે. અન્યના ગુણ બોલવા માટે જીભ મળી છે અને અન્યના ગુણ સાંભળવા માટે કાન મળ્યા છે. દરેક જીવમાં કોઈને કોઈ ગુણ છે. માત્ર ગુણદૃષ્ટિ કેળવવાની જરૂર છે. દોષદૃષ્ટિ બની ગઈ છે તેની જગ્યાએ ગુણદૃષ્ટિ કેળવવી છે. જ્યાં નજર પડે ત્યાં ગુણ દેખાય. મારા ગુણ બધા જાને એમાં અહંકાર છે, જે દોષ છે, મારે બધાના ગુણ જાણવા છે. આ નમ્રતા અને નમ્રતા

એ ગુણ છે. 'છોડસો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણ રે.' પરનિંદા અને આત્મપ્રશંસા એ દોષ છે જ્યારે આત્મનિંદા અને પરગુણપ્રશંસા એ ગુણ છે. આ ચાર પ્રકારના આર્તધ્યાનથી મુક્ત થઈને ચાર પ્રકારના ધર્મધ્યાનમાં પ્રવેશ કરીએ.

રૌદ્રધ્યાનના ચાર પ્રકાર બતાવ્યા છે. (૧) હિંસા (૨) અસત્ય (૩) ચોરી (૪) વિષય સંરક્ષણ

૧) હિંસાનુબંધી રૌદ્રધ્યાનઃ હિંસા કેવી રીતે કરવી, ક્યારે કરવી તેના સાધનો કયા કયા છે, સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો આવા પ્રકારના વિચાર તે રૌદ્રધ્યાન છે. ક્રોધાવેશમાં આવીને અન્યને ગમે તેવા હિંસાત્મક વચનો બોલવા તું મરી જા, તું મરી જાય તો સારું વિ. વચનો બોલવા, વળી મનમાં પણ કોઈને મારવાના, મરાવવાના, દુઃખી કરવાના, દુઃખ આપવાના વિચાર કરવા તે પણ હિંસાનુબંધી રૌદ્રધ્યાન છે. એને લાગમાં આવવા દો બરાબર મેથીપાક ચખાડ્યો છે, આતંકવાદીને તે પૂરા કરી દેવા જોઈએ વિ. વિચારો પણ રૌદ્રધ્યાન છે.

૨) અસત્યાનુબંધી રૌદ્રધ્યાનઃ અસત્ય કેવી રીતે બોલવું. કેવીકેવી રીતે અસત્ય બોલાવવી છૂટી જવાશે. કેવી-કેવી રીતે અસત્ય બોલવાથી અન્યને છેતરી શકાશે વગેરે વિચારો અસત્યાનુબંધી રૌદ્રધ્યાન છે.

કોઈએ પૈસા આપ્યા હોય છતાં નથી આપ્યા એમ કહેવું.

પોતે પૈસા ન આપ્યા હોય છતાં આપ્યા છે એમ કહેવું.

પાસે પૈસા હોવા છતાં માંગનારને મારી પાસે નથી એમ કહેવું.

કોઈએ વસ્તુ ન લીધી હોય તે લીધી છે એમ કહેવું.

આપણે લીધી હોય તો નથી લીધી એમ કહેવું.

નકલી વસ્તુને અસલી કહેવી, અસલીને નકલી કહેવી.

જુના માલને નવો કહેવો અને નવા માલને જુનો કહેવો.

મુર્ખને મૂર્ખ કહેવો, કાણાને કાણો કહેવો. એવા હિંસાયુક્ત વચન બોલવા આ અસત્યાનુબંધી રૌદ્રધ્યાન છે.

૩) સ્તેયાનુબંધી રૌદ્રધ્યાનઃ ચોરી કેવી રીતે કરવી, કેવી રીતે ચોરી કરવાથી પકડાઈ ન જવાય. ચોરીના સાધનો કયા કયા છે. ચોરીના સાધનો ક્યાં મળે છે ? કેવી રીતે મેળવવા ? ક્યાં કેવી ચોરી કરવી વગેરે વિચારો સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન છે.

૪) ઈષ્ટ વિષયોઃ રૂપ-રસ-ગંધ-સ્પર્શ શબ્દ અહિનું અને વિષયના સાધનો ધન-ગાડી-વાડી-લાડી-ઘર-જમીન-દુકાન-ઓફિસ-સોનું-રૂપું-હીરા-મોતી વિષય સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે.

ધન વિ. વસ્તુ વધુમાં વધુ સારામાં સારી મળે અને મળ્યા પછી જાય નહિ. ઓછી થાય નહિ, ઘટે નહિ, વધે તો ગમે, ઓછું થાય તો ન ગમે. આવે તો ગમે, જાય તો ન ગમે વિ. વિચાર રૌદ્રધ્યાન છે.

આ ચારે પ્રકારના રૌદ્રધ્યાન નરકગતિના કારણ છે. ધન વિ. વસ્તુઓ ઉપરનો અતિશય રાગ અને ધન વિ. લઈ જનાર કે ન આપનાર વ્યક્તિ ઉપર અતિશય દ્વેષ આ નરકગતિનું કારણ છે મમ્મણશેઠને ધન ભેગુ કરવાનો જ રસ હતો, પોતાના ધન ઉપર અતિ-અતિ રાગ હતો, ધન ઉપર ગાઢ મૂર્ચ્છા હતી તેના પરિણામે સાતમી નરકે ગયા.

મારે આવા પ્રકારના આર્ત-રૌદ્રધ્યાનથી બચીને મનમાં વિચાર આવી જાય તો એ વિચારને વાળીને ધર્મધ્યાનમાં સ્થિર થવું એ જ સાર છે.

રાજેન્દ્રસૂરિ

જાન્યુઆરી માસના મુખપત્રના "સૌજન્ય દાતા"



રતીલાલ ફુરજી મહેતા

જન્મ : તા. ૩.૧૦.૧૯૧૩
અરિહંતશરણ : તા. ૧૬.૧૨.૧૯૯૫

આપનું કુટુંબ પ્રત્યેનું વાત્સલ્ય અને મીઠી સ્નેહભરી યાદો કાયમનું સંભારણું બની છે.
અથાગ પરિ શ્રમ સાથેની જીવનયાત્રા હર ઘડી યાદ કરીએ છીએ
તમારા સ્મરણ સાથે પ્રાર્થના કરીએ છીએ કે અમે એકબીજાના દ્રૃષ્ટિબિંદુ સમજી શકીએ.
જીવનમાં લાગણીઓને વહાવીને સંવેદનશીલ બની શકીએ.
જીવનમાં શુભ સંકેતોને અમે પારખી જ્યાં જ્યાં ચૈતન્યનો ધબકાર છે.
ત્યા અંતરમનમાં તમારા દર્શન કરી શકીએ.
પ્રભુ તમારા આત્માને પરમશાંતિ બક્ષે તેવી અભ્યર્થના,
પરિવારજનો

મહેશ રતીલાલ મહેતા
કિરણબેન મહેશ મહેતા

નિશાંત હેમંતભાઈ મહેતા
કૃપા નિશાંત મહેતા
ધ્વની નિશાંત મહેતા
જિયાના નિશાંત મહેતા

કુણાલ કમલેશજી ગાંધી
ક્રીપ્શા કુણાલ ગાંધી
સનવ કુણાલ ગાંધી

D-102, Vishal Complex, S. V. Road, Malad (West), Mumbai 400 064.
Cell : 98672 27209

*"People May Doubt, What you Say
But they will always, Believe what you do"*

જાન્યુઆરી માસના મુખપત્રના ''સૌજન્યદાતા''

''માતૃ દેવો ભવ''
''મા તે મા બીજા બધા વગડાના વા''

સ્વ. મંજુલાબહેન
કાંતિલાલ ધરમશી પારેખ

ઈશ્વરને માણસનાં ઘરમાં આવવાનું મન થયું ત્યારે તે મા બનીને આવ્યા. પ્રેરણાશક્તિ અને પથદર્શક માયાળુ માતા સ્વ. મંજુલાબહેન કાંતિલાલ પારેખનો જન્મ તા. ૧૫-૫-૧૯૩૭ના રોજ પ્રેમાળ પિતા દેવજીભાઈ અને માયાળુ માતા કુસુંબાબહેનની કુખે મોટી પાનેલી ગામે થયો હતો. નાનપણથી જ ધર્મના ઉચ્ચ સંસ્કારો ધરાવતાં એવા મંજુલાબહેન સમજતાં હતાં કે ચોર્યાશી લાખ યોનિમાં અનંતવાર પરિભ્રમણ કર્યા બાદ મહામૂલો અને અમૂલ્ય એવો માનવભવ મળે છે, તેમાં સોનામાં સુગંધ ભળે તેમ પતિ કાંતિલાલનો જીવનમાં સાથ અને સહકાર મળ્યા. દેવ, ગુરુ અને ધર્મનો ત્રિવેણીસંગમ મળ્યો છે. તો આ ચાર દિવસનાં ચાંદરણાં જેવી જિંદગીનો સદ્‌ઉપયોગ કરી લેવો. કર્મણ્યે વાધિકારસ્તુ મા ફલેષુ કદાચેન દ્વારા, તેઓ કર્મ કર્યે જતાં, ક્યારેક ફળની ઈચ્છા ન રાખતાં પારકાને પોતાના કરવાની કળા આત્મસાત કરી હતી. ગિરીશ-હરેશ જેવા પુત્રો, મીતા-જ્યોતી જેવી પુત્રીઓ, નીતા-રૂપલ જેવી પુત્રવધૂઓને પણ દીકરીઓ સમાન રાખતા અને કિંજલ, કુનાલ, ફોરમ, ઋષભ તથા પારસ જેવા પૌત્રાદિ સર્વે કુટુંબીજનોના હૃદયમંદિરમાં દેવી જેવું સ્થાન ધરાવતા હતા. તેમણે પ્રેમ અને વાત્સલ્ય દ્વારા કુટુંબને એક તાંતણે જોડી રાખ્યું હતું. લક્ષ્મી તો ચંચળ છે તેઓ સારી રીતે સમજતા અને તેથી જ તે લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરતાં.

જીવ માટે શરીર એક સાધન છે. કર્મોનો હિસાબ ચોખ્ખો થઈ જાય અને લેણદેણના સંબંધો પૂરા થાય એટલે જીવે શરીર છોડવું પડે છે. વીર કહે ''આ પંખીડાનો મેળો, વેળાએ સૌ ઊડી જાય,'' પરંતુ આત્મા તો અમર છે અને જેમણે શ્રમણ ભગવાન મહાવીરના શાસનને પામી તેના અહિંસા, કરુણા, દયાના સિદ્ધાંતોને જીવનમાં ઉતારી એક આદર્શ જીવન જીવ્યા અને ભવસાગર તરી ગયા. જ્યારે આપણે તો ભવના મુસાફીર ભુલા રે પડ્યા જેવા છીએ. સાંજના ઢળતા મંદિરમાં દીપમાળા પ્રગટે ને ધૂપસળીની મહેંક ચોમેરે પ્રસરે એમ મંજુલાબહેનના સુસંસ્કારોની મહેંક તેમના સર્વ પરિવારજનોનાં હૃદયમાં પ્રસરી રહેલ છે. તેઓ તા. ૧૦-૧-૧૯૮૮ ને શનિવારના રોજ સ્વર્ગવાસ પામેલ હતાં.

એમની યાદમાં શ્રી કાંતિલાલે જૂનાગઢમાં ઉપરકોટની વાડીમાં ''મંજૂષા'' હોલ બનાવેલ છે. ઉપરાંત શંખેશ્વર, ઈડર, પૂના-કાત્રજ, શાહપુર વગેરે તીર્થસ્થાનોમાં તેમના નામની રૂમો ધર્મશાળાઓમાં બનાવેલ છે. તેમના પરિવારે સ્વ. મંજુલાબેન કાંતિલાલ પારેખ ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી છે, જેમાંથી નિયમિત જરૂરિયાતમંદ વ્યક્તિઓને જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે. આપણાં સમાજને, શુભેચ્છક મિત્રમંડળ, મુંબઈ વગેરે સંસ્થાઓને તેમનું યોગદાન મળતું જ રહે છે. આવા સમાજપ્રેમી અને દાનવીર વ્યક્તિને સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ ક્યારેય ભૂલી શકશે નહીં.

માતાની મમતાથી મોટું કોઈ મયુરાસન આ જગતમાં નથી જ માટે ''જનનીની જોડ સખી નહિ જડે રે લોલ.''

યુ ટર્ન

બેંકમાં પ્રવેશતાં જ નિલયે મને આવકાર્યો ''આવો આવો પટેલ સાહેબ, બહુ દિવસે ભૂલા પડ્યા ને કાંઈ?

બેંક મેનેજર નિલય શાહ મને હાથ પકડીને તેની કેબિનમાં લઈ ગયા. આમ તો નિલય મારો શાળા જીવનનો મિત્ર હતો. બારમા પછી તે આગળ ભણીને નોકરીએ લાગ્યો હતો અને હું પપ્પાના બિઝનેસમાં.

અમારો સંપર્ક ઘણાં વર્ષોથી છૂટી ગયો હતો. ત્રણેક માસથી નિલયે આ બેંકમાં ચાર્જ સંભાળ્યો હતો. તેણે મોટા ટ્રાન્ઝેક્શન વાળા કસ્ટમરના લીસ્ટમાં મારું નામ જોઈને મારો ફોન પર સંપર્ક કર્યો હતો. આમ અમારો જૂનો સંબંધ પાછો તાજો થયો હતો. કેબિનમાં તેની સામેની ખુરશીમાં બેસતા મેં કહ્યું ''યાર નિલય, તું મને સાહેબ કહે છે તે નથી ગમતું''

''મિલન, સાહેબ કહેવાનાં બે કારણ છે એક તો તું શહેરનો પ્રતિષ્ઠિત બિઝનેસમેન છે અને બીજું આ મેનેજરની ખુરશી જ એવી છે કે બધાને માનાર્થે બોલાવવાની ટેવ પડી જાય છે.''

નિલયે પટાવાળાને ચાનો ઓર્ડર આપી દીધો. 'યાર, બિઝનેસમાં તારી પ્રગતિ જોઈને દિલથી ખુશ થાઉં છું. મારા આખા મહિનાના પગાર જેટલી રકમની તારા કરન્ટ ખાતામાં રોજની હેરાફેરી હોય છે.'

''ભાઈ, દસકા પછી તું નિવૃત્ત થઈશ ત્યારે તને પેન્શન મળશે. અમને વેપારીને સરકાર એવી કોઈ સગવડ આપતી નથી.'' મેં મજાકમાં કહ્યું.

''એ તો મારે દલીલ કરવી નથી બાકી હું પણ એમ કહી શકું છું કે સાચા ઈન્કમટેક્સ પેયર તો અમે નોકરિયાત જ છીએ.''

''નિલય, દલીલ કરવી નથી. બાકી હું પણ એમ કહી શકું છું કે સાચા ઈન્કમટેક્સ પેયર તો અમે નોકરિયાત જ છીએ.''

''પટાવાળો ચા મૂકી ગયો એટલે નિલયે પૂછ્યું ''મારે લાયક કાંઈ સેવા?''

''દોસ્ત સાચું કહું તો બેન્કનું તો કાંઈ કામ નથી પણ મને એવું યાદ છે કે આ નોકરીમાં લાગ્યા પહેલાં તું સરકારી નોકરીમાં હતો''

''હા મિલન, કોલેજ કર્યા બાદ મેં બે વર્ષ કલાર્ક તરીકે સરકારી ખાતામાં નોકરી કરી હતી ત્યાર બાદ આ બેંક જોઈન કરી હતી.''

''યાર, મારે એક લાયસન્સ ક્વોટાનું કામ અટકી પડ્યું છે જો તારે ત્યાં કોઈ ઓળખાણ નીકળે તો...''

''અરે ભાઈ હું એ જ ઑફિસમાં તો હતો'' નિલયની આંખમાં ચમક આવી ગઈ.

હું નીલયની વાત સાંભળીને ખુશીથી ઝૂમી ઊઠ્યો.

''મિલન, આપણે ટ્રાય કરી જોઈએ. આમ તો એ ડિપાર્ટમેન્ટ છોડ્યા બાદ એટલેકે સત્તાવીસ વર્ષથી ત્યાં ગયો નથી.'

''બોલ ક્યારે જઈશું?'' મેં પૂછ્યું.

''શુભસ્ય શીઘ્રમ. અત્યારે જ.'' નિલયે ખૂબ જ ઉત્સાહ બતાવ્યો.

મારો આનંદ બેવડાયો.

નિલયે તરતજ એક ઓફિસરને બોલાવીને જરૂરી સૂચના આપી દીધી. અને કલાક દોઢ કલાકમાં તે પરત આવશે તેમ જણાવી દીધું.

અમે બહાર આવીને મારી કારમાં ગોઠવાયા. મેં ડ્રાઈવરને એડ્રેસ સમજાવી દીધું. વીસેક મિનિટ બાદ અમે તે ઑફિસે પહોંચી ગયા. પૂછતાં પૂછતાં અમે ત્રીજે માળે કન્સર્ન અધિકારીની કેબિન સુધી પહોંચ્યા. બહાર નેઈમ પ્લેટ વાંચીને નિલયના ચહેરા પર રમતિયાળ સ્મિત આવી ગયું. ''મિલન, તારું કામ થઈ જશે.''

કેબિનમાં પ્રવેશતાં જ સામે બેઠેલાં પ્રૌઢ મેડમને

જોઈને નિલય બોલી ઊઠ્યો.

''હાય અસ્મિતા, ઓળખાણ પડી?''

ચશ્મા કાઢીને મેડમ બોલ્યાં ''અરે નિલય તું? કેટલાં વર્ષે દેખાયો?''

''હા અસ્મિતા, બેન્કની નોકરીમાં બહાર રહેવાનું જ વધારે થયું છે ત્રણ મહિના પહેલાં જ શહેરમાં પરત આવ્યો છું.'' નિલયે તેનું વિઝિટિંગ કાર્ડ ટેબલ પર મૂકતાં કહ્યું.

પટાવાળો પાણી મૂકી ગયો. ''નિલય તું હજુ કોફી જ પીએ છે કે ચા ચાલુ કરી?''

''હવે બંને પીઉં છું.'' નિલયે શરારતી સ્મિત સાથે કહ્યું.

કૉફી પીતાં પીતાં બંને તેમના યુવાનીના સાથે ગાળેલા મજાક મસ્તીના એ દિવસો યાદ કરતા રહ્યા. હું નિર્દોષ ભાવે તેમની ''મને સાંભરે રે... મને વિસરે રે...''ની સ્મરણયાત્રાનો સાક્ષી બની રહ્યો.

લગભગ વીસેક મિનિટ બાદ નિલયે મારી ઓળખાણ કરાવીને અમારું ત્યાં આવવાનું પ્રયોજન જણાવયું. જોગાનુજોગ મારી પેન્ડિંગ ફાઈલ અસ્મિતા મેડમના ટેબલ પર જ પડી હતી. ફાઈલ જોઈને મારી આંખમાં ચમક આવી ગઈ.

મેડમ સસ્મિત ચહેરે બોલ્યા ''ભાઈ, તમે એવી વ્યક્તિને સાથે લઈને આવ્યા છો કે મારે તમારું કામ તો કરી જ આપવું પડે. પણ ફેક્ટરીનું એક સર્ટિફિકેટ આમાં ખૂટે છે''

''મેડમ, એ તો હું કાલે જ લાવી આપીશ''

''બસ તો કાલે તમને હું હાથોહાથ ઓર્ડર આપી દઈશ''

મેડમની વાત સાંભળીને મને હાશકારો થયો. મેં નિલય અને મેડમની સામે આભારની લાગણીથી જોયું.

અમે કેબિનની બહાર નીકળ્યા ત્યારે નિલય જાણે કે યુવાન થઈ ગયો હતો.

તે મારા કાનમાં ગણગણ્યો ''યાર, અત્યારે અસ્મિતા ભલે સાવ કાકી જેવી લાગે છે પણ એ દિવસોમાં બ્યુટીફૂલ હતી. મને ખૂબ પસંદ કરતી હતી.''

''અને તું?''

''હું તેને બિલકુલ કોઠું નહોતો આપતો. આ તો અત્યારે આપણે કામ કઢાવવાનું હતું તેથી.''

અમે કારમાં બેઠા એટલે ડ્રાઈવરની હાજરીને કારણે નિલય ચૂપ થઈ ગયો.

બીજે દિવસે પેલું સર્ટિફિકેટ લઈને હું એકલો જ સરકારી ઑફિસે ગયો કારણ કે હવે નિલયને ડિસ્ટર્બ કરવાની જરૂર નહોતી.

''ભાઈ આ તો ઝેરોક્સ છે મારે ઓરિજિનલ જોઈશે''. મેડમે સર્ટિફિકેટ જોઈને કહ્યું.

''મેડમ તે ખોવાઈ ગયું છે. આ કોપી પરથી જ આપ કામ પતાવી આપો તો સારું.''

''પણ ગઈકાલે તો તમે મને આ વાત કરી નહોતી.''

''જી... મને એમકે ઓરિજિનલ મળી જશે. ઘણા પ્રયત્નો કરવા છતાં તે મળ્યું નહિ. તમે કહેતા હો તો નિલય પાસે ફરીથી ભલામણ કરાવું.'' મેં મારો મોંઘો સેલફોન હાથમાં લઈને કહ્યું. મારો જીવ મેડમ પેલા ઓર્ડરના કાગળ પર સહી કરે તેમાં અટકેલો હતો. મેડમે પેન ખોલીને સહી કરતાં કહ્યું ''આટલા કામના મારા પહેલાના અધિકારી પચાસ હજાર લેતા હતા. મેં આવીને ઑફિસમાં બિલકુલ કરપ્શન બંધ કરાવી દીધું છે. મારી ધાક જ એવી છે કે કોઈ કર્મચારી લાંચની વાત કરવાની પણ હિંમત ના કરે''

''મેડમ એ તો ખૂબ સારુ કહેવાય. દેશને તમારા જેવા પ્રમાણિક અધિકારીની જ જરૂર છે.'' મેં મેડમની

તારીફનો પૂલ બાંધતા કહ્યું. મેડમે મને ઓર્ડર હાથમાં આપ્યો એટલે મેં વિવેક કર્યો. ''નિલય સાથે વાત કરાવું ?'' નિલયનું નામ સાંભળીને મેડમ બોલ્યા ''તમારા એ મિત્રની એક અંગત વાત કરું ?''

''શ્યોર મેડમ'' મારા ચહેરા પર સ્મિત આવી ગયું. મને એમ કે હમણાં મેડમ કહેશે યુવાનીના એ દિવસોમાં હું નિલયને ખૂબ જ ચાહતી હતી, પણ તેણે મને ભાવ નહોતો આપ્યો. પણ આ શું? મેડમ જે બોલી રહ્યાં હતાં તે સાંભળીને હું સ્તબ્ધ થઈ ગયો.

''તમે ગઈકાલે જોયુંને? પચાસે પહોંચ્યો તો પણ હજુ ફ્લર્ટ કરવાની તેની જૂની આદત ગઈ નથી. તે દિવસોમાં પણ મેં તેને ક્યારેય ઘાસ નહોતું નાખ્યું.''

સાચી વાતની ખરાઈ કરવા માટે મેં ડ્રાઈવરને કાર સીધી બેન્ક તરફ લેવાની સૂચના આપી. શહેરના ટ્રાફિકને ચીરતી કાર જઈ રહી હતી.

અચાનક હું ખંધુ હસ્યો. તેમની તો ભૂતકાળની વાત હતી પણ હું તો વર્તમાનમાં પણ ક્યાં સાચો હતો? નિલય આ જ ડિપાર્ટમેન્ટમાં અગાઉ નોકરી કરતો હતો તે હું અગાઉથી જાણતો હતો. મારા મહેતાજી દ્વારા મારી પાસે તે સરકારી ઑફિસની તમામ માહિતી હતી. અસ્મિતા મેડમ કડક અને પ્રમાણિક છે પણ ઓળખાણ હોય તો તરત કામ કરી આપે છે તેવી માહિતી પણ મારી પાસે અગાઉથી હતી. સૌથી મોટી અને અગત્યની વાત...જે સર્ટિફિકેટની ઝેરોક્સ પર મારું કામ થઈ ગયું હતું તે તદ્દન બનાવટી હતું.

ચાર રસ્તે રેડ સિગ્નલમાં કાર ઊભી રહી. એક ચીંથરેહાલ કિશોરને જોઈને મેં કાચ ખોલીને દસની નોટ ધરી.'' સાહેબ, કાચ સાફ કરવાની પરવાનગી આપો. મફતમાં મારે નથી લેવા'' મેં મૂક સંમતિ આપી.

તેણે કપડા વડે કારનો આગલો કાચ પૂરી મહેનતથી સાફ કરીને જ પૈસા લીધા. ત્યાં જ ગ્રીન સિગ્નલ થયું મારા મનમાં પણ ગ્રીન સિગ્નલ લબુકઝબુક થવા લાગ્યું. એક પ્રમાણિક સરકારી અધિકારીને છેતરીને હું નિલય અને અસ્મિતા મેડમ બંનેમાંથી સાચું કોણ છે તે જાણવા નીકળી પડ્યો હતો જેનો મને કોઈ જ હક્ક નહોતો.

અચાનક મેં લાયસન્સ ક્વોટાનો ઓર્ડર કેન્સલ કરાવવાનું નક્કી કરી નાખ્યું. ડ્રાઈવરને યુ ટર્ન લેવાની સૂચના આપી. ડ્રાઈવરે જેટલી ઝડપથી કાર પાછી વાળી તેટલી જ ઝડપથી મેં પણ મારી જિંદગીનો પ્રામાણિકતા તરફનો ''યુ ટર્ન'' લઈ લીધો હતો!

- પ્રફુલ્લ કાનાબાર

સંબંધ

ઋણાનુબંધ સિવાય કોઈપણ વ્યક્તિ કોઈના
સંપર્કમાં આવતું જ નથી.
એટલે જ
જે સંબંધો છે તેને સહનશીલ બનીને સાચવવા
ફરિયાદ કરીને સંબંધના મૂળ ઉખાડવા કરતાં,
ફરી યાદ કરીને સંબંધને પોષણ આપીએ.. નિભાવીએ...
એવું નથી કે સંબંધને, સાચવવા બુદ્ધિ જોઈએ.
એના માટે ફક્ત આપણા, હૃદયની શુદ્ધિ જોઈએ.
મીઠા શબ્દોના ખાલી બે ટીપા.
સંબંધોને કડવો થતા અટકાવે છે
સ્વમાન ભૂલીને પણ જ્યારે સંબંધ
સાચવતા શીખી જશો
ખરેખર ત્યારે તમે ખુદની નજરમાં નિખરી જશો.

વ્યક્તિપૂજા

વ્યક્તિપૂજાના કારણે પ્રજાને ધાર્મિક ક્ષેત્રમાં ત્રણ મોટા ફટકા પડી રહ્યા છે. એક તો વ્યક્તિવિશેષના કારણે પ્રજાવિભાજન થઈ જાય છે. બીજું, અનેક વ્યક્તિ-ભગવાનોની વચ્ચે પરસ્પરમાં ખેંચતાણ શરૂ થઈ જાય છે અને ત્રીજું, પ્રજા સાચા પરમેશ્વરથી વિમુખ થઈને નકલી લોકોના પગ પૂજતી થઈ જાય છે. હિન્દુ પ્રજાનું વિભાજન એ બહુ મોટી દુર્બળતાનું કારણ બન્યું છે. આ વિભાજનનાં અનેક કારણોમાં વ્યક્તિપૂજા પણ મહત્ત્વનું કારણ છે. ધર્મને માનવો કે ધર્મને પાળવો તેના કરતાં વ્યક્તિવિશેષને માનવી અને તેમની કૃપા મેળવી લેવી એ જ મહત્ત્વની સાધના થઈ ગઈ છે. પ્રજાનું ધ્યાન ધર્માચરણ પર નહીં, વ્યક્તિવિશેષ પર હોય છે. અનુયાયીઓને એટલી હદ સુધી વ્યક્તિપૂજક બનાવવામાં આવે છે કે પોતે માનેલી વ્યક્તિ સિવાય બીજી કોઈ ગમે તેટલી ગુણવાન વ્યક્તિ હોય તો પણ તેનાથી દૂર રહેવામાં જ ધર્મનિષ્ઠા પ્રમાણિત થાય છે.

વ્યક્તિ પ્રત્યેની તીવ્ર-આંધળી ભક્તિ ઊભી કર્યા વિના વ્યક્તિપૂજા સ્થિર ન થઈ શકે. માત્ર એક જ વ્યક્તિ પર અનુયાયી વર્ગનું ધ્યાન દૃઢ કરવા માટે અનેક પ્રકારના ઉપાયો કરવામાં આવે છે, જેવા કે એ વ્યક્તિ વિશે પૂર્વજન્મથી જ કોઈ દિવ્યતાની વાત જોડી દેવી, એ વ્યક્તિના જન્મ તથા બાલ્યકાળને ચમત્કારો તથા કાલ્પનિક દિવ્યતાથી રંગી દેવાં જેથી અનુયાયીઓ એમ સમજે કે આપણા આ વ્યક્તિભગવાન જન્મથી જ અદ્ભુત ચમત્કારો કરનારા છે. આવી વ્યક્તિની સાધના વગેરેમાં ચમત્કારો જોડી દેવા. આવી વ્યક્તિએ ભૂતકાળમાં તથા વર્તમાનમાં પણ અનેક લોકોને આશીર્વાદ આપીને તેમની મનોકામના પૂર્ણ કરી હતી તેવી વાતોનો ધોધ વહેતો રાખવો. સમાચારપત્રો, કવિઓ, લેખકો, પત્રકારો, ભજનિકો વગેરેને અર્થપ્રદાન કરીને પોતાના પ્રચારકાર્યમાં જોતરવા. ધર્મ, સંસ્કૃતિ અને અધ્યાત્મની ઘણી ઊંચી વાતો કરવી તથા તેવાં આયોજનો કરવાં. આ બધામાં પોતાનાં પોસ્ટરો, પોતાનાં ચિત્રો, પોતાનાં ગુણગાન એટલી હદે વધારવાં કે લોકોનાં મનમાં ભગવાન તરીકે એ વ્યક્તિ જ ગોઠવાઈ જાય. મોટા ભાગનાં ધાર્મિક આયોજનો, સામૈયાં કે મેળાઓનું નિરીક્ષણ કરશો તો આ વાતનો ખ્યાલ આવશે.

જે વ્યક્તિ કેન્દ્રસ્થાને બેઠી હોય છે તેની વ્યક્તિપૂજા વધે છે. કેટલાક લોકો શરૂશરૂમાં ભગવાનનાં ચિત્રો વગેરે રાખે છે. પોતાનો પ્રભાવ વધ્યા પછી, ભગવાનના ચિત્રની બાજુમાં જ પોતાનું ચિત્ર ગોઠવાવી દેવાય છે. જ્યારે પ્રભાવ પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે ભગવાનનું ચિત્ર તદ્દન કાઢી નાખી પોતાનું જ ચિત્ર અર્થાત્ પોતે જ ગોઠવાઈ જાય છે.

– સ્વામી સચ્ચિદાનંદ ('નવી દિશા')

ને તમે યાદ આવ્યાં

પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં,
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ,
એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યાં.
ક્યાંક પંખી ટહુકયું ને તમે યાદ આવ્યાં,
જાણે શ્રાવણના આભમાં ઉઘાડ થયો રામ,
એક તારો ટમકયો ને તમે યાદ આવ્યાં.
જરા ગાગર ઝલકી ને તમે યાદ આવ્યાં,
જાણે કાંઠા તોડે છે કોઈ મહેરામણ રામ,
સ્હેજ ચાંદની છલકી ને તમે યાદ આવ્યાં.
કોઈ ઠાલુ મલકયું ને તમે યાદ આવ્યાં,
જાણે કાનુડાના મુખમાં બ્રહ્માંડ દીઠું રામ,
કોઈ આંખે વળગ્યું ને તમે યાદ આવ્યાં.
કોઈ આંગણ અટકયું ને તમે યાદ આવ્યાં,
જાણે પગરવની દુનિયામાં શોર થયો રામ,
એક પગલું ઊપડ્યું ને તમે યાદ આવ્યાં.

– હરીન્દ્ર દવે

લગ્ન વિધી... પરિણાય સંસ્કાર ! ! !

લગ્ન પ્રસંગે થતી વિવિધ વિધીઓ આપણે નિહાળીએ છીએ પણ તે બધાનો શું અર્થ હોય છે તે જાણવું પણ જરૂરી છે. વરરાજા જ્યારે પરણવા આવે ત્યારે તેમને પોંખવામાં આવે છે. આ વખતે લાકડાના બનાવેલો નાનો રવઈયો, મુશળ ધુંસરી, તરાક વરરાજાના માથેથી ઉતારે છે અને પગથી કોડિયું ભંગાવી પ્રવેશ કરાવે છે આનો શું હેતુ છે? શું રહસ્ય છે? તેમજ બીજી વિધીઓનો શું અર્થ હોય છે? તે વિશે વિચાર કરીએ.

લગ્નઃ બે વિજાતીય દેહનું જોડાણ તેનું નામ લગ્ન પણ તેનો ખરો અર્થ તો એવો છે કે બે દેહ દ્વારા બે મન એક કરવા. એનાથી પ્રેમ પ્રગટે, આત્મીયતા વધે અને અંદરના આંતરિક સૌંદર્યને જોઈ સુખનો અનુભવ થાય એ જ ખરું લગ્ન છે.

વરઘોડોઃ ઈન્દ્રિયોના ઘોડાને અંકુશમાં રાખવા માટેની ચેતવણીનું આ પ્રથમ પગલું છે.

પોંખણુંઃ વરરાજા પરણવા આવે ત્યારે તેમને લાકડાના બનાવેલા નાના રવઈયો, મુશળ, ધુંસરી અને તરાકથી સાસુ પોંખે છે તેનો અર્થ જોઈએ.

રવઈયોઃ માખણ કાઢવા માટે જેમ દહીંને રવૈયાથી વલોવવામાં આવે તેમ જીવનને પ્રેમમય બનાવવા માટે મનના તરંગોનું મંથન કરીને પ્રેમનું દોહન કરવા જણાવે છે.

મુશળઃ અતિ વાસનાઓને મુશળ (આંબેલા)થી ખાંડી નાખી પ્રેમ પ્રગટાવવાનો છે.

ધુંસરીઃ સંસારરૂપી રથના પતિ પત્ની રૂપી બે ચાલકો છે, આ બંને ચાલકો શીલ અને સંયમના ચીલામાં સમાંતર રૂપે ચાલીને જીવન રથને સહકાર અને પ્રેમથી ખેંચે તો જ સુખી થવા છે તેમ કહેવા માગે છે.

તરાકઃ લગ્ન જીવન રેટિયા જેવું છે. પતિ પત્ની રૂપી બે ચક્રને પ્રેમની દોરી વડે આ તરાક (ચાક)ને બંધાયેલા અને ફરતા રાખે તો જ સ્નેહરૂપી સુતર નીકળે એમ કહેવાનો ભાવ છે. આમ પોંખવા આવનાર સાસુ વરને માંયરામાં આવતા પહેલા સાવધાન કરે છે એનો જવાબ વર સંપુટ તોડીને આપે છે.

સંપુટઃ વરને પોંખી લીધા પછી બે કોડિયાના સંપુટને પગ તળે ભાંગીને વર માંયરામાં પ્રવેશે છે. આનાથી વર એમ કહેવા માંગે છે કે તમારી ચેતવણી હું સમજ્યો છું પણ મારા એકલાની આશા, ઈચ્છા અરમાનો પર હું હવે નહિ ચાલું. એનો અહીં ભાંગીને ભુક્કો કરું છું હવેથી અમારા બન્નેની આશા, ઈચ્છા અને અરમાનો એક હશે તે પ્રમાણે જ જીવન યાત્રા કરીશું.

વરમાળાઃ ફૂલના હારથી વરકન્યા અરસ પરસનું સ્વાગત કરે છે પણ ગોરબાપા સુતરની એક આંચી બંનેના ગળામાં પહેરાવે છે. આમ એક જ હારથી બંનેના હૈયા એક કરવાનો પ્રયાસ છે.

હસ્તમેળાપઃ લગ્ન વિધીનું આ મુખ્ય અંગ છે. પોતાની પુત્રીનો હાથ મા-બાપ વરરાજાને સોંપે છે અને વરરાજા તેનો સ્વીકાર (ગ્રહણ) કરે છે. આ વિધીથી વરઘોડિયાના દેહમાં ઝણઝણાટી જાગે છે અને હૈયામાં આત્મીયતા પ્રગટે છે. સાથોસાથ જાનૈયા માંડવિયાના મન પણ આનંદ અને ઉલ્લાસથી નાચી ઉઠે છે.

મંગળ ફેરાઃ લગ્નના ચાર ફેરા એ ચાર પુરૂષાર્થના ફેરા છેઃ ધર્મ, અર્થ કામ અને મોક્ષ. એ ધર્મ શાસ્ત્રોનું પણ ચિંતન છે. ચાર ફેરા ફરવામાં પ્રથમના ત્રણ ફેરામાં પુરૂષ આગળ હોય છે અને ચોથા ફેરામાં સ્ત્રી આગળ હોય છે. આમ કેમ? પ્રથમ ત્રણ ફેરાના ત્રણ પુરૂષાર્થ.

૧) ધર્મ - ધર્મ પાળવો અને પળાવવો.

૨) અર્થ - ગૃહસ્થ જીવન ચલાવવા ધન કમાવું.

૩) કામ - લગ્ન જીવનના સંયમપૂર્વકના હક્કો. આ ત્રણેમાં પુરૂષ આગળ હોય છે અને તેને પત્ની અનુસરે છે. થોડાં વિસ્તારથી સમજીએ તો.

૧) ધર્મ - સ્ત્રીના પિયરમાં ગમે તે ધર્મ પળાતો હોય પણ પરણ્યા પછી પતિ ધર્મ પાળતો હોય તેને જ સ્ત્રી અનુસરે છે અને બીજા ધર્મો, પતિ પ્રત્યેના ધર્મો, કુટુંબ પ્રત્યેના ધર્મો, ઘરના વડીલો પ્રત્યેના ધર્મો, સંતાનો પ્રત્યેના ધર્મો, સગાં સબંધી અને સમાજ પ્રત્યેના ધર્મો... વગેરે ધર્મો પણ પતિની મરજી અનુસાર

પાળવાના છે.

૨) અર્થઃ પતિ કમાઈને પૈસા લાવે તેનાથી ઘરનું, કુટુંબનું પોષણ કરે છે. સ્ત્રી લક્ષ્મી કહેવાય છે. ઘરની લક્ષ્મી પણ આપણે કહીએ છીએ.

૩) કામ : સ્ત્રી એ લજ્જાનું પ્રતીક છે. લગ્ન જીવન માટે વંશવૃદ્ધિ માટે એ હંમેશા પતિની પાછળ જ રહે છે. આ ત્રણેય... ધર્મ, અર્થ અને કામ એ પતિ પત્નીની ઈચ્છાનુસાર થઈ શકાત પુરુષાર્થો છે. જ્યારે ચોથો ફેરો

૪) મોક્ષઃ એ કોઈની ઈચ્છાનુસાર મળતો નથી. એ તો ધર્મોના નિયમ પાલન અને સેવા શુશ્રૂષાથી જ મળે છે અને એમાં સ્ત્રી હંમેશા આગળ હોય છે. સહનશક્તિ, સદાચાર, શીલ વગેરે ગુણો સ્ત્રીઓમાં સ્વાભાવિક હોય છે. પતિ, સાસુ, સસરા, વડીલો પ્રત્યેનો આદર, સેવા, સમભાવ, નોકરો, ગરીબો પ્રત્યે કરૂણા તથા સંતાનો પ્રત્યે સમતા, મમતા-આ બધા ગુણોનો સમન્વય એટલે સ્ત્રી અને એથી જ એના આવા ગુણોને લીધે જ તે મોક્ષના માર્ગ પર પુરૂષ કરતા આગળ છે અને એટલે જ લગ્નના ચોથા ફેરામાં સ્ત્રી આગળ હોય છે.

મંગલાષ્ટક : લગ્ન વિધી પૂરી થતાં બ્રાહ્મણ નવદંપતીને આશીર્વાદ આપતા શ્લોકો બોલે છે અને આઠ અષ્ટકો દ્વારા તેમનું દાંપત્ય જીવન સરળ, સફળ અને પ્રસન્ન નીવડે એવી મંગળ કામનાઓનો આશીર્વાદ આપે છે.

રામ દીવડોઃ કન્યા વિદાય વખતે કન્યાની માતા પ્રગટાવેલ દીવડો હાથમાં લઈને વિદાય આપવા આવે છે આનાથી એ એમ કહેવા માંગે છે કે હે દીકરી! તેં તારી સેવા, શુશ્રૂષા અને સદ્‌ગુણોથી જેમ તારા પિતાનું ઘર અજવાળ્યું છે તેમ જ તું તે સંસ્કારોથી તારા પતિના ઘરને પણ અજવાળજે.

મા માટલુંઃ માતાનો પ્રેમ, માતાની મમતા, માતાનો જીવ અજોડ છે. તેના સાગર જેવડા પ્રેમ અને શુભેચ્છાઓના પ્રતીકરૂપે ધન, ધાન્ય, ફળ, મેવા, મીઠાઈને માટલામાં ભરે છે. આમાં ધન એટલે લક્ષ્મી સ્વરૂપે સવા રૂપિયો, ધાન્યના પ્રતીકરૂપે મગ, ફળના પ્રતીકરૂપે સોપારી, મેવાના પ્રતીકરૂપે ખારેક અને મીઠાઈના પ્રતીકરૂપે સુખડી અને તે સિવાય ઘણી મીઠાઈઓ વગેરે પણ મુકાય છે. રિદ્ધિ સિદ્ધિના પ્રતિકરૂપે નાની મોટી શળુકનવંતી ચીજો શુભ ચોઘડિયે ભરવામાં આવે છે અને દીકરીને ઘેર સદાય લીલા લહેર રહે તેવી શુભ કામનાના પ્રતીકપરૂપે મા માટલાનું મોઢું ઢાંકવાનું વસ્ત્ર લીલા રંગનું હોય છે અને સગાંના સંબંધો કાચા સુતરના તાંતણા જેવા હોય છે તે સહનશીલતાથી, સજ્જનતાથી અને સુવ્યવહારથી અતૂટ રહે અને વ્યવહારના કામો સાંગોપાંગ પાર ઉતરે એના પ્રતીકરૂપે કાચા સુતરનો દડો મા માટલા ઉપર મૂકવામાં આવે છે.

સપ્તપદીઃ આ શ્લોકો બ્રાહ્મણ બોલતા હોય છે. એના દ્વારા વર કન્યા અરસપરસ સાત પ્રતિજ્ઞાઓ લે છે અને એક બીજાને વફાદાર તેમજ સહાયભૂત થવાના વચન અપાય છે.

સપ્તપદીના સાત વચનોઃ

લગ્ન તો જીવનભર સાથ નિભાવવા માટેનું વ્રત છે અને તે માટેની સંપૂર્ણ કટિબદ્ધતા કે પ્રતિજ્ઞાઓનું પ્રતીક છે... સપ્તપદી.

જેમાં કન્યા દ્વારા વિવિધ પ્રતિજ્ઞાઓઃ

પ્રથમ પ્રતિજ્ઞામાંઃ વધુ આભારવશ ભાવે તેના પતિને જણાવે છે કે ગત જન્મમાં પોતે કરેલા અસંખ્ય પુણ્યોને કારણે તેને તેઓ પતિના રૂપમાં પ્રાપ્ત થયા છે. આ પ્રતિજ્ઞા દ્વારા વધુ પોતાના પતિને સર્વસ્વ ગણે છે અને આ સૌભાગ્યના પ્રતીક પોતાના કપાળે ચાંલ્લો કરવાનું શરૂ કરે છે.

બીજી પ્રતિજ્ઞામાંઃ વધૂ પોતાના પતિના બાળકથી માંડીને અબાલવૃદ્ધ સહિત સંપૂર્ણ પરિવારના લાલનપાલનથી ખાત્રી આપે છે, તેમજ ઉપલબ્ધ સાધન સંપન્નતાથી સંતોષ રાખવાનું વચન આપે છે. અહીં પરિવારના દરેક સભ્યોને પ્રેમ, લાગણી અને સેવાભાવથી પોતાના બનાવવાની વાત કરી છે. તદ્‌ઉપરાંત તેને જે સુખ મળે તેનાથી સંતોષ પામશે એટલે કે તે ખોટો અસંતોષ નહિ રાખે, જેનાથી વધુ આર્થિક ઉપાર્જન માટે તેનો પતિ ખોટા માર્ગો અપનાવે જે સરવાળે સમગ્ર પરિવારને નુકશાનકર્તા નીવડે.

ત્રીજી પ્રતિજ્ઞામાં : કન્યા તેના પતિની આમન્યા જાળવવાની તેમજ તેમના માટે ભોજન તૈયાર કરી

આપવાનું વચન આપે છે. ભોજન તો હોટલમાં પણ જમી શકાય છે અથવા તો ત્યાંથી ઘરે લાવીને પણ જમી શકાય છે, પરંતુ ઘેર પત્ની દ્વારા પ્રેમપૂર્વક તૈયાર કરવામાં આવેલ ભોજનની મજા કંઈક જુદી જ હોય છે.

ચોથી પ્રતિજ્ઞામાંઃ વધુ સારા શણગાર-શૃંગાર સજી મન, વિચારવાણી, શરીર તેમજ કાર્યથી પોતાના પતિને સહકાર આપવાની વાત કરે છે. શરીરની સ્વચ્છતા શણગાર-શૃંગાર વગેરે સ્ત્રીના વ્યક્તિત્વને ભવ્યતા બક્ષે છે. આથી સ્ત્રી તેના પતિનું આકર્ષણનું કેન્દ્ર પણ બની રહે છે. અહીં પત્ની બનવાથી તેણે પ્રિયતમા તરીકેની ભૂમિકા ભૂલી નહિ જાય તેમ તેના પતિને ખાત્રી આપે છે.

પાંચમી પ્રતિજ્ઞામાંઃ કન્યા પોતાના પતિને વચન આપે છે કે તે સુખના સમયે આનંદમાં તો રહેશે પરંતુ દુઃખના સમયમાં પોતાની ધીરજ કે સહનશીલતા ગુમાવશે નહિ તેમજ પોતાના પતિના સુખ અને દુઃખમાં ભાગીદાર બનશે તેમજ ક્યારેય પણ પરાયા પુરૂષનો સાથ નિભાવશે નહિ તેવી પણ ખાત્રી આપે છે.

છઠ્ઠી પ્રતિજ્ઞામાં : વચનમાં વધૂ તેના પતિને કહે છે કે તે પોતાના પતિના ઘરના તમામ કાર્યો આનંદપૂર્વક કરશે તેમજ પતિના માતા પિતાની સેવા કરશે તેમજ અન્ય સગાં સબંધીઓને આદર સત્કાર કરશે. પતિ જ્યાં રહેશે તેની સાથે પોતે પણ ત્યાં રહેશે તેમજ પતિને કોઈપણ પ્રકારે ન છેતરવાની તેમજ પોતે પણ તેનાથી નહિ છેતરાય તેવું વચન આપે છે. આ પ્રતિજ્ઞામાં માત્ર તેના પતિ પ્રત્યેની જ નહીં, પરંતુ તેના સાસુ-સસરા તેમજ સમગ્ર સગાં વહાલાં પ્રત્યેની ફરજની કટિબદ્ધતા દર્શાવવામાં આવી છે.

સાતમી પ્રતિજ્ઞાઃ અને છેલ્લી પ્રતિજ્ઞામાં કન્યા તેના પતિને તમામ પ્રકારના યજ્ઞ વિષયક કાર્યોમાં સહાય તદ્ઉપરાંત ધાર્મિક, આર્થિક તેમજ કામ વિષયક કાર્યોમા પણ પતિ કહે તેમ વર્તવાની ખાત્રી આપે છે. અગાઉની પ્રતિજ્ઞાઓમાં પત્ની દરેક રીતે પતિનો સાથ નિભાવવાનું વચન આપે છે, પરંતુ અહીં ધાર્મિક કાર્યોમાં પણ જોડાજોડ રહેલાની ખાત્રી આપે છે.

આમ સપ્તપદીમાં કન્યા દ્વારા લેવાતી પ્રતિજ્ઞા સાંસારીક જીવનને અલૌકિક જીવનમાં પરિવર્તિત કરવાની ખાત્રી આપે છે.

શાસ્ત્રોક્ત રીતે સપ્તપદીની વિધી દ્વારા કન્યા દુલ્હારાજાનો પોતાના પતિ તરીકે સ્વીકાર કરે છે.

બીજી રીતે જ્યાં સુધી સપ્તપદીની વિધી પાર પાડવામાં ન આવે ત્યાં સુધી કન્યાને પરણેતર નહી પણ કુંવારી જ માનવામાં આવે છે.

લગ્ન પ્રસંગે સામાજિક રીતે પરસ્પર એકબીજા સાથે સંબંધ બાંધતા બે પરિવારો માટે એક ઉત્સવ હોય છે.

વર પક્ષ અને કન્યા પણ એમ બે પરિવારો વચ્ચેના આ નવ સંબંધ દ્વારા એક નવું સામાજિક ધ્રુવીકરણ રચાય છે.

વર-વધૂને માટે તો આ પ્રસંગ મહાઉત્સવ સમાન હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો સ્ત્રી અને પુરૂષ માટે લગ્ન સંબંધનું જોડાણ એ તેમનો બીજો જન્મ હોય છે.

જેમાં પુરૂષે અને સ્ત્રીએ એકબીજાના વ્યક્તિત્વને સમજી જાણીને પરસ્પર પ્રેમ દ્વારા એકમેક પ્રત્યેની ફરજો અને જવાબદારીઓ પાર પાડવાની હોય છે.

આ જવાબદારીઓને આપણા હિન્દુ ધર્મ શાસ્ત્રોમાં સપ્તપદીની સાત શરતોમાં આવરી લેવાઈ છે. લગ્ન પ્રસંગે હસ્તમેળાપ બાદ વર અને વધૂ પવિત્ર અગ્નિ સમક્ષ સાત ડગલા ચાલીને પરસ્પર પ્રેમ દ્વારા એકબીજા પ્રત્યેની જવાબદારીઓ નિભાવવાના શપથ ગ્રહણ કરે છે.

આ શાસ્ત્રોક્ત વિધીને સપ્તપદી એવું સુંદર નામ આપણા શાસ્ત્રોએ આપ્યું છે. પ્રત્યેક સ્ત્રી અને પુરૂષ માટે લગ્ન જોડાણ બાદ સુમેળભર્યા જીવન નિર્વાહ માટે આ વિધી અત્યંત આવશ્યક છે.

વિવાહ સંસ્કારથી પવિત્ર વર-વધૂ પોતાના ગૃહસ્થજીવનમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મદત્સર એ ષડ્ રિપુઓને વ્રતાચરણો દ્વારા મહાત કરીને બદલામાં પ્રેમ અને સંતોષ પ્રાપ્ત કરે છે એટલે જ લગ્ન દ્વારા મનુષ્યને ઋણમુક્ત થવાનું ધર્મશાસ્ત્ર સૂચવે છે. આ સંસ્કારનો હેતુ જીવને સુદ્ધ અને પવિત્ર બનાવવાનો છે. સદાચરણ અને સમ્યક્ ચારિત્ર્યથી સંસારને માણીને પુરૂષે પોતાની પત્ની સાથે પરમપદને પંથે સંચરવાનું છે.

પ્રતીક્ષાની પરવશતા

સંવેદનાની અભિવ્યક્તિ માટે પ્રતીક્ષા પૂર્વભૂમિકાની ગરજ સારે છે. કશુંક કહેતા પહેલા કશુંક ઘૂંટાવું જોઈએ. પ્રતીક્ષાની ક્ષણોમાં ઠાંસોઠાંસ ઉચાટ ભર્યો હોય. પ્રેમની વિવિધ રંગછાયા છે. આકર્ષણના આધારે મિલનના માધ્યમથી, પ્રેમપંથની સફરમાં પ્રતીક્ષાની પરીક્ષા પાસ કરવાની હોય છે. પ્રતીક્ષા માત્ર પ્રેમ પૂરતી સીમિત નથી. દૂર દેશાવર પરણાવેલી દીકરીને પ્રતીક્ષા હોય છે, પિયરથી કોઈ આવે. રિસાઈને બેઠેલું નાનું ભૂલકું રાહ જોઈને બેઠું હોય છે કે મમ્મી-પપ્પા આવે, જલ્દી મનાવે. પાસબુક હંમેશા પગારની પૂજા કરતી રહી છે. એસએસસીનું પરિણામ સમગ્ર ઘરને મેડિટેશનની જરૂર પડે એ કક્ષાએ રાહ જોવડાવે.

અનાથ આશ્રમમાં ઉછરતી લાચારીને પ્રતીક્ષા હોય છે. કોઈ સ્વજન બનીને આવે. ટાટા કેન્સર હોસ્પિટલની ફૂટપાથ પર દિવસો ગુજારતી ગરીબ પત્નીને પ્રતીક્ષા હોય છે કામયાબ ઈલાજની. રાજકારણમાં ઝંપલાવતા લોકોને પ્રતીક્ષા હોય છે ખુરશીની. નવા કલાકારને પ્રતીક્ષા હોય છે 'તક'ની. પત્રકારને પ્રતીક્ષા હોય છે રોમાંચક સ્ટોરીની. ઈશ્વરને પ્રતીક્ષા હોય છે માગણી વિનાના ભક્તની. જેલમાં સબડતા કેદીને પ્રતીક્ષા હોય છે મુક્તિની. ફૂલોને પ્રતીક્ષા હોય છે પતંગિયાની. અસાધ્ય રોગથી પીડાતા પરવશ થયેલ વ્યક્તિને પ્રતીક્ષા હોય છે મોતની. દાંપત્ય જીવનને પ્રતીક્ષા હોય છે અન્યોન્યને મધુરતાથી ભરી દેવાની.

પ્રતીક્ષાની વાત આવે એટલે એક પાત્ર તરત જ નજર સામે ઉભરી આવે 'શબરી'. રામાયણનું આ પાત્ર પોતાની રામની પ્રતીક્ષા દ્વારા સદાય સ્મરણમાં બની રહે છે. ધૂમકેતુની વાર્તાનો નાયક અલીડોસાને પ્રતીક્ષા હોય છે મરિયમના પત્રની - આ વાર્તા ગુજરાતી સાહિત્યની અનમોલ ધરોહર છે અને આ રીતે સમગ્ર જીવન દરમ્યાન દરેક વ્યક્તિને પ્રતીક્ષાની પરીક્ષા આપવાની રહે છે. તેનું પરિણામ ઉપરવાળાના હાથમાં છે.

- નંદલાલ ગઢીયા

મર્યાદા એટલે એક કલ્પિત દોરેલી સીમા

મર્યાદામાં રહેવું એ જીંદગીનું બંધન નહીં પણ વ્યવસ્થિત રીતે જીવવાની કળા છે. મર્યાદા એટલે એક કલ્પિત દોરેલી સીમા. સૌને પોતાની મર્યાદિત સીમા રેખા, પોતાના ગજા અને ગજવા પ્રમાણે દોરવાનો પૂરો અધિકાર છે. મર્યાદા એટલે લગામ. વાણી, વર્તન કે વ્યવહાર એની આંકેલી હદ કરતા જરા પણ વધુ વધવા લાગે તો મર્યાદાની લગામ ખેંચાઈ જાય. સાથે સાથે આપણે પોતે જ બાંધેલી મર્યાદાઓ અને લોકોએ લાદેલા બંધનો બન્નેમાં દેખીતું સામ્ય છે પણ છે જમીન આસમાનનું અંતર. એકમાં સ્વ ઈચ્છા છે ને બીજામાં પર ઈચ્છાને જબરજસ્તી.

મર્યાદા સ્ત્રી, પુરુષ, અબાલવૃદ્ધ સૌને પોતાની હોવી જોઈએ. પણ પુરુષોએ સ્ત્રીને મર્યાદામાં બાંધીને અમર્યાદિત કરી છે. ''મનમાં ભાવે ને મુંડી હલાવું, કારણ ખૂબ નડે છે મર્યાદા''આ છે આજની સ્ત્રીની વ્યથા.

ફક્ત માનવતાની મહેકને મર્યાદા નથી નડતી.

એક સ્ત્રીની જેમ ક્યારેક આંસુઓને પણ મર્યાદા નડી જાય છે. પાંપણનો ઉંબરો છોડી, આંખમાંથી બહાર નથી નીકળતા.

જે કહી દીધું એ શબ્દો હતા.
જે ન કહી શક્યા એ લાગણી હતી.
જે કહેવું છે છતાં પણ નથી કહી શકતા એ મર્યાદા છે.

આ મર્યાદા શબ્દ કાનથી સાંભળતા કે આંખથી વાંચતા, ક્યારે પણ એકલો નથી સમજાતો. પુરુષોત્તમ શબ્દ એની સાથે જ વણાઈ ગયો છે. આમ 'મર્યાદા પુરુષોત્તમ' એ રાધા-કૃષ્ણ, રામ-સીતા ને શંકર-પાર્વતીની જેમ એકમેક સાથે વણાઈ ગયો છે. મર્યાદા પુરુષોત્તમ રામ હતા ને બધી મર્યાદાઓ તોડનાર કૃષ્ણ હતા. જો સીતાજી જીવિત મળ્યા એ રામની તાકાત હતી પણ પવિત્ર મળ્યા એ રાવણની મર્યાદા હતી એ પણ કેમ ભૂલાય ?

સ્વામી વિવેકનંદે બહુ સરસ કહ્યું છે, ''ઊઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો... શક્યતાની મર્યાદા જાણવાનો ફક્ત એક જ માર્ગ છે, અશક્યથી આગળ નીકળી જવું.''

મર્યાદાને માની પીંજર, તોડી, જો થાય આઝાદ,
તો ખોવાય એનો કલરવ, મર્યાદા તોડીને વહે પાણી,
તો જાય એ વિનાશ ભણી, શરમ મર્યાદાના ઉંચા મોલ,
હણા તું સ્ત્રીત્વ એમાં પળેપળ, બન્ને કુળની મર્યાદા સાચવતી,
કહેવાય એ ખરી ગૃહલક્ષ્મી.

- અલ્પા વસા

પ્રાર્થના એટલે આભારની અભિવ્યક્તિ !!!

સર્વ સામાન્ય માન્યતા પ્રવર્તે છે કે પ્રાર્થના એટલે એક પ્રકારની વિનંતી, માંગણી કે યાચના! પ્રાર્થના એટલે જાણે કે બે હાથ જોડીને કરાતી કોઈક ભૌતિક વસ્તુઓની માંગણી અથવા તો વિનંતી કે જે પૂરી થાય ત્યારે બદલામાં અમુક વસ્તુઓ કે ક્રિયાઓ કરવાની અપાતી ખાતરી! હકીકતમાં આ તો માત્ર એક સોદો જ થયો ગણાય! પ્રાર્થના એટલે તો આપણને જે પણ મળ્યું છે એ માટે કોઈક અજ્ઞાત શક્તિ પ્રત્યે આભારની અભિવ્યક્તિ છે.

''પ્રાર્થના'' વિશે શ્રી સુરેશભાઈ દલાલે લખ્યું છે કે, ''પ્રાર્થના વિશે જેમ જેમ વિચારું છું કે અનુભવું છું તેમ તેમ, એક વાત સમજાતી જાય છે કે કોઈ પણ પ્રાર્થના હોય, પણ જો એમાં જીવ મૂકીને પ્રાર્થના ન કરીએ તો એ કેવળ ખાલી પોલા, બોદા શબ્દો છે, જીભની રમત કરામત છે. જો જીવ મૂકીએ તો શબ્દ વિનાનું આપણું મૌન પણ પ્રાર્થના થઈ શકે. સમાજમાં મોટા ભાગના માણસો એમ માને છે કે, પ્રાર્થના એટલે આપણને જે જોઈએ છે એ માટેની ઈશ્વરને મૌખિક અરજી. લેવડ દેવડનો સંબંધ સ્થપાઈ જાય છે. મૂળ વસ્તુ ચાલી જાય છે અને નકલી વસ્તુ રહી જાય છે. બધું વહેવારની ભૂમિકાએ ચાલે છે.

પ્રાર્થના એટલે ઈશ્વર સાથેની વાતચીત, એની સાથેનો સંવાદ, એની સાથેનો મનમેળ. આપણાં મનની એકાગ્રતા એ ઈશ્વરની પ્રાર્થના છે. સચ્ચાઈથી બોલાયેલો શબ્દ કે સચ્ચાઈથી કરાયેલું કામ ઈશ્વરની પ્રાર્થના છે. પ્રાર્થના આપમેળે થવી જોઈએ.

પ્રાર્થના કરીએ એમાં આયાસ છે. પ્રાર્થનાનું પરિણામ આવતું જ હોય છે, જો આપણી નજર પરિણામ તરફ ન હોય તો! ફૂલ એ બીજની પ્રાર્થનાનું પ્રગટ સ્વરૂપ છે. હરિજનને વહાલા ગાંધીજીએ એક સરસ વાત કહી હતી. એમને જ સૂઝે એવી વાત. ''પ્રાર્થના સાવરણી છે. આપણા મનના ઓરડામાં રોજ ને રોજ કચરો ભરાતો હોય છે. એને સાફ કરવા માટે નિત્ય, હર હંમેશ પ્રાર્થના કરવી જોઈએ.''

નીચેના કાવ્યમાં કવિશ્રી ભાનુશંકર વ્યાસ ઉર્ફે ''બાદરાયણ'' ભગવાનને પ્રાર્થના કરતાં કહે છે કે, ''આપને તારા અંતરનો એક તાર, બીજું હું કાંઈ ન માગું!!!''

બીજું હું કાંઈ ન માગું!!!
આપને તારા અંતરનો એક તાર, બીજું હું કાંઈ ન માગું.
સુણજે મારો આર્ત તણો પોકાર, બીજું હું કાંઈ ન માગું.
તુંબડું મારું પડ્યું નકામું, કોઈ જુએ નહીં એના સામું;
બાંધીશ તારા અંતરનો ત્યાં તાર, પછી મારી ધૂન જગાવું;
સુણજે મારો આર્ત તણો પોકાર, બીજું હું કાંઈ ન માગું.
એકતારો મારો ગુંજશે મીઠું, દેખશે વિશ્વ રહ્યું જે અદીઠું;
ગીતની રેલાશે એક અખંડિત ધાર, એમાં થઈ મસ્ત હું રાચું;
આપને તારા અંતરનો એક તાર, બીજું હું કાંઈ ન માગું!!!

આપણે કહીએ છીએ કે, ઈશ્વર દેખાતા નથી? હકીકતમાં ઈશ્વર ત્યારે દેખાય-અનુભવાય જ છે જ્યારે જીવનમાં ચારેય તરફ નિરાશા જ નિરાશા પથરાઈ ગઈ હોય અને આપણું હાથ ઝાલવા માટે કોઈ જ દેખાતા ના હોય. આવા વખતે માત્ર એક શક્તિ હોય છે જે આપણો હાથ પકડીને આપણા બધા જ પ્રશ્નોનું નિરાકરણ લાવી દેવા માટે સમર્થ હોય છે! આ શક્તિ એટલે દિલના ઊંડાણથી થતી પ્રાર્થનાની શક્તિ!!! આવા ટાણે સાચા હૃદયથી જોડાયેલા બે હાથ અને આંખોમાંથી વરસતા આંસુ એ જ કહી રહ્યા હોય છે કે, ''હે ઈશ્વર, હવે બસ તું જ માત્ર એક છે જે મારી જીવન નૈયાને પાર ઉતારી શકે છે. સાચા હૃદયથી કરાયેલી પ્રાર્થનામાં એવી શક્તિ છે કે જે અસંભવ લાગતી પરિસ્થિતિમાંથી પણ સંભવતાનું સર્જન કરે છે!''

એક સાધારણ ગજાના ધર્મનિષ્ઠ મા-બાપ પોતાની આઠેક વરસની બુલબુલ જેવી દીકરીને લઈને હાર્ટ સ્પેશીયાલીસ્ટ ડોક્ટરની સામે બેઠા હતા. ડોક્ટર આ બાળકીનો કાર્ડિયોગ્રામ કાઢીને તેને ઝીવણટપૂર્વક તપાસી અને ઊંડા વિચારોમાં ગરકાવ થઈ ગયા. શહેરના આ નામાંકિત ડૉક્ટરની સહાયક ટીમે પણ તેને તપાસ્યા બાદ મા-બાપને નિરાશાપૂર્વક કહ્યું કે, ''માફ કરજો,

તમારી છોકરીને બહુ જ ગંભીર તકલીફ છે. કદાચ ઑપરેશન કરવામાં આવે તો પણ આ છોકરીના બચવાની શક્યતા માત્ર દશ ટકા જેટલી જ છે. જો કદાચ ઑપરેશન કરવામાં ન આવે તો હવે તે વધારેમાં વધારે એકાદ મહિનો પણ માંડ કાઢશે એવું લાગે છે.'' આ સાંભળીને છોકરીના મા-બાપ તો બહુ જ ગભરાઈ ગયા. હવે એ શું કરી શકે??? મા-બાપ ગંભીર વિચારોમાં પડી ગયા હતા જ્યારે આ છોકરી તો પોતાની સાથે લાવેલા રમકડાઓથી રમી રહી હતી! મા-બાપ મનોમન ભગવાનની હૃદયપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા. ખુબ વિચારો બાદ આ છોકરીનું ઑપરેશન કરાવવાનું નક્કી કરવામાં આવ્યું.

ઑપરેશનની પૂર્વ તૈયારીઓ માટે આ છોકરીને ઑપરેશનની બે દિવસ પહેલાં હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી. ચિંતાગ્રસ્ત મા-બાપ તથા ડૉક્ટરે આ રમતિયાળ છોકરીને પૂછ્યું, ''તારું આટલું મોટું ઑપરેશન થવાનું છે અને તને કાંઈ જ થતું નથી?'' હસતાં હસતાં ખુબ જ વિશ્વાસપૂર્વક છોકરીએ કહ્યું કે, ''અરે, તમે બધા ચિંતા શા માટે કરો છો? મને કાંઈ જ થવાનું નથી. મારી મમ્મીએ મને નાનપણથી શીખવાડ્યું જ છે કે, ભગવાનને પ્રાર્થના કરવાથી આપણા બધા જ દુઃખો દૂર થઈ જાય છે. દરરોજ સવારના ઉઠીને હું બે હાથ જોડીને પ્રાર્થના કરું છું. મને ખબર જ છે કે, મારા હાર્ટમાં તો મારા વહાલા ભગવાન બેઠા જ છે! એ મને કાંઈ જ તકલીફ થવા નહીં દે.'' પછી ડૉક્ટરને કહેવા લાગી, ''ડૉક્ટર એક કામ કરજો, તમે મારા હાર્ટને ખોલો ત્યારે તમે ત્યાં બેઠેલા ભગવાનને જોજો અને પછી મને કહેજો કે, ભગવાન કેવા હોય! મેં ક્યારેય પણ ભગવાનને જોયા નથી!!! નાસ્તિક અને વિજ્ઞાનના સમર્થક એવા ડૉક્ટર ભગવાનમાં માનતા નહોતા.

ઑપરેશન થિયેટરની બહાર મા-બાપ તથા બધા જ સગાંસંબધીઓ પ્રાર્થના કરી રહ્યા હતા. અંદર ઑપરેશન દરમ્યાન ઓચિંતું જ છોકરીના હાર્ટમાં લોહી આવવાનું બંધ થઈ ગયું. ઘણી કોશિષો બાદ પણ કોઈ જ રીસ્પોન્સ દેખાતો ન હોવાથી હવે નિરાશ થઈને ડૉક્ટરે ત્યાંના આસીસ્ટન્ટ ડોક્ટરોને ઑપરેશન બંધ કરીને ટાંકા લઈ લેવાનું કહી દીધું. અરે, પણ આ શું? ત્યાંની એક નર્સે ઝડપથી ડૉક્ટરને કહ્યું, ''જુઓ, જુઓ! હવે લોહી આવી રહ્યું છે!'' ફરી પાછા બધા દોડાદોડ કરવા લાગ્યા. હવે લોહી આવી રહ્યું હતું. બધાના આશ્ચર્ય વચ્ચે ઑપરેશન સફળતાપૂર્વક પાર પડ્યું હતું.

કેટલાક કલાકો પછી છોકરી ભાનમાં આવી. ડૉક્ટર નાનકડી છોકરીને પૂછી રહ્યા હતા, ''બેટી, હવે તને કેમ છે?'' હસતાં હસતાં ડૉક્ટર કહેવા લાગ્યા, ''બેટી, મેં અગાઉ ક્યારેય પણ ભગવાનને જોયા ન હતા. હવે તારા હાર્ટમાં મેં પણ ભગવાનને જોયા, એ પણ તારા જેવા જ દેખાવડા અને સુંદર છે. મેં તથા અહીંના બધા જ સ્ટાફ મેમ્બર્સ અને નર્સીસ તથા ડૉક્ટરોએ નક્કી કર્યું છે કે, હવેથી અહીં જ્યારે પણ કોઈનું ઑપરેશન થશે ત્યારે ઑપરેશનથી પહેલાં અમે સહુ સાથે મળીને ભગવાનને પ્રાર્થના કરીશું. તારા ઑપરેશન વખતે અમે જ્યારે મુંઝવણ અને ચિંતામાં પડ્યા હતા ત્યારે તારા ભગવાને જ અમને મદદ કરી છે અને તારું ઑપરેશન સરસ થઈ ગયું છે.'' આ પ્રાર્થનાની શક્તિ છે જેણે એક ડૉક્ટરને પણ નાસ્તિકમાંથી આસ્તિક બનાવી દીધા!!!

ઈશ્વર છે કે નથી તેની નિરર્થક ચર્ચાઓ કર્યા કરવાને બદલે આપણે તો જે કેટલાય લોકોને નથી મળ્યું અને આપણી ઉપર કોઈક અજ્ઞાત શક્તિની અનંત કૃપા થઈ છે જેને કારણે આપણે સુખભર્યું જીવન પસાર કરી રહ્યા છીએ એનો આભાર વ્યક્ત કરવા આપણે પ્રાર્થના કરવી જ રહી! સંજોગવસાત, ક્યારેક નિરાશાવાદી વિચારોએ ઘેરો ઘાલ્યો હોય અને જીવનમાંથી રસકસ ઉડી જતા હોય એવું લાગે ત્યારે જરાક અટકજો, થોભજો અને પાછળ નજર કરીને સાચા હૃદયથી પ્રાર્થના કરજો. વિશ્વમાં એવા કંઈ કેટલાય કમનસીબ ભાંડુઓ છે, જેઓ જન્મથી જ ગુંગા-બહેરા છે, બે ટંકનું અનાજ નથી પામતા, એકલવાયી જીંદગી પસાર કરી રહ્યા છે, વાંઝીયાપણાનું મહેણું ભાંગી નથી શક્યા કે પોતાનું મકાન પણ વસાવી નથી શક્યા!

હે પરમકૃપાળુ પરમાત્મા, તારો લાખ લાખ શુકર! તેં મને આ સુંદર સૃષ્ટિને નિહાળવા આંખ, પ્રભુભજન સાંભળવા કાન, પુષ્પોની સોડમને માણવા નાક તથા પ્રભુગુણ ગાવા તથા તેના પ્રસાદને પામવા જીભ આપી છે! તું મને દરરોજ બે નહીં પણ ત્રણ કે ચાર ટંક મનભાવતું ભોજન પીરસી રહ્યો છે! મારા પોતાના સુંદર ઘરમાં વ્હાલસોયી પત્ની તથા આજ્ઞાંકિત બાળકો સાથે નિરાંતભર્યું જીવન પસાર કરી રહ્યો છું! ઈશ્વર, તારો ખુબ ખુબ આભાર!!!

- જાદવજી કાનજી વોરા

અપસેટનું સેટઅપ

''ફેસ કરો, ફાઈટ કરો, ફિનિશ કરો, ફ્રેશ રહો''

આ ચાર શબ્દો અપસેટ ને સેટઅપ કરવા માટે છે કારણ કે ''અપસેટ''ને ઉથલાવી નાખશું તો ''સેટઅપ'' થઈ જશે. એટલે અહીંયા પ્રોબ્લેમનો ઉપાય પણ સાથે જ આપેલો છે. કહેવાય છે ને ''તાળા પહેલા ચાવી બને'' એટલે જ જવાબ પછી પ્રશ્ન બને છે એવી જ રીતે પ્રોબ્લેમ પહેલા ઉપાય હોય જ છે, પરંતુ આપણે એટલા અપસેટ થઈ જઈએ કે ઉપાય દેખાય જ નહીં અને દુઃખી થયા કરીએ. જો મગજ પર નિયંત્રણ રાખીને વિચારશું તો અપસેટને સેટઅપમાં ફેરવી શકશું. અરે, કોઈની મજાલ છે કે તમને અપસેટ કરે? આપણું મગજ પબ્લિક ટોયલેટ તો નથી જ એ યાદ રાખવું જોઈએ અને મંદિરનો ઘંટ પણ નથી કે કોઈપણ આવીને વગાડી જાય. બીજાના વર્તનથી તમારા દુઃખનું દર્દ બનાવો એ યોગ્ય નથી. માની લો કે કોઈ વ્યક્તિ નગુણો થાય અથવા તમારી કદર ન કરે તો ફોલ્ટ તેનામાં છે તમારામાં નહીં અને એનું વિચારીને તમે અપસેટ થઈ તમારી જાતને સજા કરી ન બેસો એનું ધ્યાન રાખવું જોઈએ.

આજના માણસ પાસે સોફાસેટ, ડાયમંડ સેટ, ડીનરસેટ અને એવા અનેક સેટ જેની પાસે છે છતાં માણસ અપસેટ છે, જ્યારે ઝુંપડીમાં રહેતો માણસ જેની પાસે કોઈ સેટ નથી છતાં સેટઅપ છે. કારણ કે એણે વિચારી લીધું છે કે જે છે તે આજ છે. મારી પાસે અને બીજો ત્યાગી જે આવા અનેક સેટનો ત્યાગ કરીને સાધનામાં લીન છે. એને કોણ અપસેટ કરી શકે? ઘણી વખત આપણે અપસેટ થઈ જઈએ એમાં બીજું આપણું ગોઠવાયેલું પણ વિખેરાઈ જાય અને વેરવિખેર થઈ જાય.

એક નાનું દૃષ્ટાંતઃ એક માણસ કોઈની સાથે ચર્ચા કરતો હતો અને બીજા માણસે એનો એક કલાક ટાઈમ વેસ્ટ કર્યો અને કાંઈ નિર્ણય ન લીધો અને જતો રહ્યો એટલે પહેલો માણસ અપસેટ થઈ ગયો કે આ માણસે મારો એક કલાક બગાડી નાખ્યો અને પોતે અપસેટ હોવાથી તેને બીજું કાંઈ સુઝતું ન હતું અને હજી ટાઈમ ખરાબ કરતો હતો અને પેલાને ગાળો આપતો હતો. આ દૃશ્ય બાજુમાં બેઠેલા એક મહાત્માએ જોયું અને કહ્યું કે ભાઈ તું આ શા માટે અપસેટ થાય છે? એણે તો તારી પાસે એક કલાક લઈ લીધો છે. બીજા ત્રેવીસ કલાક તું શા માટે એની પાછળ વેસ્ટ કરે છે. ત્યારે મહાત્માએ એક પ્રશ્ન કર્યો કે સમજ તારી પાસે બેન્કમાં ૫૦,૦૦૦ રૂપિયા જમા છે અને કોઈએ તને કારણ વગર ફ્રોડ કરીને ૧૦,૦૦૦ લઈ લીધા તો શું બીજા જે ૪૦,૦૦૦ બચેલા છે એ બચાવી લઈશ કે જવા દઈશ. ત્યારે પેલા માણસે કહ્યું કે સમજવાની વાત છે. હું ૪૦,૦૦૦ બચાવી લઈશ. ત્યારે મહાત્માએ કહ્યું કે તો પછી હમણાં તું સેટઅપ થઈને તારા ત્રેવીસ કલાક બચાવી લે અને પેલો માણસ તરત જ સ્વસ્થ થઈ ગયો અને સમજી ગયો કારણ કે આવા સંજોગો તો આપણી સમક્ષ ડગલે ને પગલે થતાં હોય છે.

અમુક લોકો તો નાની નાની વાતમાં અપસેટ થઈને પોતાને બધાથી દૂર કરી રાખે. મીડિયામાંથી નીકળી જાય અરે, ડિસ્પ્લે પિક્ચર (ફોટો) ડી.પી. પણ કાઢી નાખે. એટલા અપસેટ હોય કે પોતાનું મોઢું પણ જોવું ન ગમે? તો વળી કોઈ દારૂ અને સિગારેટનું સેવન કરી પોતાને સેટઅપ કરવાનો પ્રયત્ન કરે અને ઘણા તો ઉંઘની ગોળીઓ લઈને સૂઈ જાય અને કોઈ તો પોતાની જાન પણ આપી દે. આ બધું યોગ્ય નથી. એના કરતાં કોઈ મેડિટેશન કરી લેવું જેનાથી તમને શાંતિ થશે અથવા મનોરંજનનો કોઈ માર્ગ હોય તે અપનાવવું બાકી તો અપસેટ તો ડગલે ને પગલે થવાનું જ છે. જેમ કે પ્રેમભગ્ન, લગ્નજીવન સુખી ન હોવું, બીમારી, સંતાનોનું સંતાપ, મંદી વગેરે કેટલા કારણો છે અને બીજા સગાં-સંબંધીના વહેવારિક, ઘર કે દુકાનના ડે ટુ ડેના પ્રોબ્લેમ અલગ તો શું આપણે ક્યારેય નોર્મલ રહેશું જ નહીં? પરંતુ નહીં આપણે હંમેશાં નોર્મલ રહેવું છે. ક્યારેય અપસેટ નહીં.

''જીસ કી કામયાબી રોકી નહીં જા શકતી

ઉસકી બદનામી શરૂ કરી જાતી હૈ''

ઘણી વખત આપણા નજીકના જ લોકો આપણું સારું જોઈ શકતા ન હોય આપણા ઘરની શાંતિ, ધંધામાં પ્રગતિ અને કોઈપણ ક્ષેત્રમાં તમે આગળ વધો તો એ લોકો તમને હેરાન કરે છે. સાચી-ખોટી વાતો કરે છે. અરે ચરિત્ર પર પણ કિચડ ઉછાળતા વાર નથી કરતાં અને હવે તો મિડીયાના યુગમાં વોટ્સઅપ પર મેસેજો ફેરવે અને ટેક્નોલોજીથી તમારા ફોટાઓ પણ ફેરફાર કરી અને વહેતાં કરી મૂકે. કોઈ થોડું ઘણૂં કરે તો આપણે ધ્યાન ન આપવું, પરંતુ કોઈક વધારે આગળ વધે તો તેને અટકાવવું જોઈએ નહીં કે અપસેટ થવું જોઈએ.

ખરેખર તો અપસેટ માણસ ત્યારે થાય છે જ્યારે એક કન્યાને એના સાસરિયાવાળા જીવતી સળગાવીને મારી નાખે છે અને પછી એના અગ્નિસંસ્કારની વિધિ ગોઠવે છે. તમે કોઈ બીમારીના ભોગ બન્યા અને ડોક્ટર તમારા શરીરનું અંગ કાપી નાખે છે. એક માને કહેવામાં આવે છે કે તારું બાળક ગર્ભમાં ખામીયુક્ત છે અને કાઢવું પડશે. તમારું સંતાન અચાનક કોઈ ખોટા રવાડે ચડી જાય અથવા કોઈ ખોટા પાત્ર સાથે ભાગીને લગ્ન કરે, તમારા જીવનસાથી તમારાથી કોઈ વાત છુપાવી હોય અને તમને ખબર પડે કે આ યાતનાનો ભોગ તમારે બનવાનો છે જે કોઈને કહી શકાય નહીં. ઘણી વખત આપણાથી જ કોઈ એવી ભૂલ થઈ ગઈ હોય અને સમજાય ત્યારે લેટ થઈ ગયું હોય આ બધા અપસેટના મોટા કારણો છે. બાકી નાના કારણો પણ ઘણા હોય છે. જેવા કે કોઈ સ્વજનની મૃત્યુ તારીખ, હોનારતની તારીખ જેમાં આપણે કાંઈ ગુમાવ્યું હોય. જેનાથી વાત ન કરતા હોઈએ, પરંતુ અંગત વ્યક્તિ ક્યાંક મળી જાય ત્યારે પ્રેમભંગ થયેલા લોકોને ગીફ્ટો, તસવીરો અથવા જે જગ્યા પર મળ્યા હોય તે જગ્યાએથી પસાર થાય ત્યારે એવું તો ઘણું બધું હોય, પરંતુ પ્રોબ્લેમ મોટા હોય કે નાના એમાં જેટલું આપણા હાથમાં હોય એટલું સુલઝાવવું એમાં ઉલઝવું નહીં, નહીં તો સમય પર છોડી દેવું વધારે દુઃખી થવું નહીં કારણ કે જીના હૈ તો જીના શીખો.

ઘણી વખત આપણે પણ ન ચાહતા હોઈએ છતાં પણ કોઈને અપસેટ કરી દેતા હોઈએ છીએ, કારણ કે આપણને બીજું દેખાતું હોય અને હકીકત બીજી હોય. ઉતાવળમાં આપણને એ ધ્યાનમાં ન આવે માટે ક્યાંક એવું લાગે તો જરા પૂછી લેવું અને પછી કહેવું. એક શેઠ ફેક્ટરીમાં આવે છે એને જુએ છે તો એક મજદૂર ઝોકા ખાઈ રહ્યો છે એટલે શેઠે ગુસ્સામાં કહ્યું કે તને સુવાનો પગાર આપું છું ? આ સાંભળી પેલો માણસ અને બીજા મજદૂર અપસેટ થઈ ગયા કારણ કે પેલા મજદૂરની મા હોસ્પિટલમાં હતી અને રાતના એ સૂવા માટે જતો હતો અને એની ઉંઘ થઈ ન હતી. એટલે ઝોકા આવતા હતા, પરંતુ આ વાત શેઠને ખબર ન હતી. એવી જ રીતે આપણે પણ ઘણીવાર જે જોઈએ તે સાચું માની બોલી દેતા હોઈએ છીએ, પરંતુ પૂછી લેશું તો એ વ્યક્તિના અપસેટનું કારણ આપણે નહીં બનીએ એ નક્કી છે.

આજના આધુનિક યુગના યુવકો અને યુવતીઓ કોઈ કોઈ એવા પણ છે કે જેમને લગ્ન કે કોઈ વ્યક્તિથી બંધાવું નથી અને સંતાન પણ જોઈએ છીએ તો તે લોકો અપસેટ નથી થતાં અને યુવતીઓ ''સ્પર્મ બેન્ક''નો સહારો લે છે. અને યુવકો ''સરોગેટ મધર''નો સહારો લઈ સંતાન સાથે પોતાનો સંસાર વસાવી સેટઅપ થઈ જાય છે.

અમુક લોકોનો સ્વભાવ એવો હોય જે નાની નાની વાતમાં ''અપસેટ' થઈ જાય અને એને બીજા અપસેટ કરી પણ રાખે અને અમુક લોકોને એવી હાસ્યની ગોડગીફ્ટ મળી હોય કે નાની નાની વાતે અપસેટ પણ ન થાય અને એને કોઈ જલદી અપસેટ પણ ન કરી શકે કારણ કે લાઈફમાં પ્રોબ્લેમ આવે એ **'પાર્ટ ઓફ લાઈફ'** છે, પરંતુ એ પ્રોબ્લેમને હસીને સામનો કરવો એ **'આર્ટ ઓફ લાઈફ'** છે માટે અપસેટ નહીં સેટઅપ રહેવું.

અંતમાં : આ ''અપસેટ''નું આર્ટિકલ લખવું ખૂબ જ અઘરું હતું, પરંતુ બધા પોઈન્ટ લઈ ''સેટઅપ'' કરી સરળ કરી નાખ્યું.

- પુષ્પા કિશોર ગાલા

નવા વર્ષના સંકલ્પ લો, પણ પાળી બતાવજો

આજે નવા વર્ષની સોનેરી સવાર. જોકે, આ અંગ્રેજી કૅલેન્ડર પ્રમાણેનું નવું વર્ષ છે, પણ સર્વવ્યાપી એટલે કે વિશ્વમાં સર્વત્ર છવાઇ ગયું હોવાથી, આપણે પણ એટલા જ ઉત્સાહથી ઉજવીએ છીએ. આપણે નિખાલસતાથી એ કબૂલ કરવું પડે કે વ્યવહારમાં તિથિને બદલે મોટે ભાગે આપણે તારીખ પ્રમાણે જ બધાં કાર્યો કરીએ છીએ. એટલું જ નહીં ઇંગ્લેન્ડ કે અમેરિકાના લોકો આજના દિવસની શરૂઆત કોઇ ને કોઇ સારા રિઝોલ્યુશન્સથી કરતાં હોય છે તેનો ચેપ આપણા ઘણા યુવાનોને પણ લાગ્યો છે અને એમાં કશું ખોટું પણ નથી. નવા વર્ષે નવા ઉમંગ અને ઉત્સાહથી નવા વિચારો કે શુભ સંકલ્પ પ્રમાણે જીવનની નવી શરૂઆત થાય એનાથી રૂડું બીજું શું હોઇ શકે ભલા?

જોકે, ખાટલે મોટી ખોડ એ છે કે મોટાભાગના લોકો સંકલ્પ લે છે, પણ તે પાળી નથી શકતા. તમને જાણીને નવાઇ લાગશે પણ અમેરિકામાં થયેલા સર્વે દ્વારા એ જાણવા મળ્યું છે કે જેટલા લોકો નવા વર્ષ નિમિત્તે સંકલ્પ લે છે એમાંના ૨૫ ટકા લોકો તો પહેલે મહિને જ એ તોડી નાખે છે અથવા તો તૂટી જાય છે અને વર્ષ પૂરું થાય ત્યાર સુધીમાં તો માત્ર ૮ ટકા લોકો જ એવા બચ્યા હોય છે જે સંકલ્પ પાળી બતાવે. મતલબ કે મોટા ભાગના લોકો (૯૨ ટકા) એવા હોય છે જે તેમણે નવા વર્ષ નિમિત્તે જે વિચારેલું હોય છે તે પાળવામાં નિષ્ફળ જાય છે. આમ થવાનું કારણ એ છે કે વિચારોના પ્રવાહમાં વહી જઇ અતિ ઉત્સાહથી લોકો સંકલ્પ તો લે છે, પણ એ સંકલ્પોથી તેમનું શારીરિક કે માનસિક સ્વાસ્થ્ય ન જળવાતું હોય એવું પણ બની શકે. આવા સંજોગોમાં પણ જો સંકલ્પ ચાલુ રખાય તો ક્યારેક નુકસાન થઇ બેસે છે જ્યારે સંકલ્પનો મૂળ આશય તો એવો હોય છે કે સ્વયં સુધારણા થાય.પોતાનું કંઇક સારુ થાય. જો આ ઉદ્દેશ ન જળવાય તો બહેતર છે એ સંકલ્પ છોડી દેવો (અને લોકો એમ જ કરે છે). ઘણી વાર લાંબા સાથે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય એવું બનતું હોય છે. આવા સંજોગોમાં કેવા સંકલ્પ લેવા જોઇએ અને કેવા નહીં એની ચર્ચા પણ પશ્ચિમના દેશોમાં થતી હોય છે જે આપણા માટે પણ એટલી જ ઉપયોગી છે. કેવા સંકલ્પો ન લેવા જોઇએ અને લ્યો તો કેવી રીતે પાળવા એ આપણે વિસ્તારથી જોઇએ, કારણ કે લીધેલા સંકલ્પ પૂરા ન થાય તો મનમાં એક જાતની ગુનાહિત લાગણીનો અનુભવ થાય છે.

૧) કેટલાક લોકો ‘હવેથી સવારે હું વહેલો ઊઠી જઇશ’ એવો સંકલ્પ કરે છે જેથી કસરત કે મોર્નિંગ વોક થઇ શકે કે પછી ઓફિસમાં સમયસર પહોંચી શકાય. પણ સાહેબ, ઊંઘ તો પૂરી થવી જ જોઇએ. તમારે વહેલા ઊઠવું હોય તો પહેલાં એ નક્કી કરવું પડે કે રાત્રે વહેલા સૂઇ શકશો? જો રાત્રે વહેલા સૂવાનું શક્ય ન હોય અને સવારે વહેલા ઉઠવાનું રાખશો તો ઊંઘ પરિપૂર્ણ ન થતાં તબિયત પર તેની અવળી અસર થશે. બકરું કાઢતા ઊંટ પેસે એવી સ્થિતિ થશે. આવા સંજોગોમાં તમે લીધેલો સંકલ્પ તૂટી જાય તો નવાઇ નહીં.

૨) જેમ પહેલા માળેથી બીજે માળે જવું હોય તો એક એક પગથિયું ચડીને જવું જોઇએ. લાંબા કૂદકા મારવાથી જલદી થાકી જવાય છે. કોઇ અશક્ય મોટો સંકલ્પ લઇ પાછળથી તોડી નાખવો, એના કરતાં શક્ય હોય એટલા નાના પણ પરિપૂર્ણ થાય એવા સંકલ્પ લઇ ધીરે ધારે આગળ વધો. આખા વર્ષનું લક્ષ્યાંક જ રાખવું જરૂરી નથી. જાન્યુઆરીમાં આટલું લક્ષ્યાંક પૂરું કરીશ, પછી ફાવટ આવશે તો ફેબ્રુઆરીમાં આટલું લક્ષ્યાંક પાર પાડીશ. આમ સ્ટેપ બાય સ્ટેપ આગળ વધો. મોટી મોટી કંપનીઓ પણ પોતાની કામગીરીના ત્રિમાસિક સરવૈયા કાઢે છે અને સુધારા વધારા કરે છે, તમે પણ ધીરે ધીરે પણ મક્કમ પગલે આગળ વધો.

૩) દેખાદેખીમાં સંકલ્પ ન લો. તમારી પત્ની અગિયારશ કરે છે તો હવેથી હું પણ અગિયારશ કરીશ એવો નિર્ણય લેતા પહેલાં વિચારો. પત્નીની આદત, કાર્યભાર અને સહનશક્તિ અલગ હોઇ શકે છે. એને નાનપણથી જ ઉપવાસની આદત હોઇ શકે, તેની ભૂખ સહન કરવાની શક્તિ તમારા કરતાં અલગ હોઇ શકે. તમે શરૂઆત એકટાણાંથી કરી શકો, પછી ટેવાઇ જાવ ત્યારે આગળ ઉપવાસ પણ કરી શકશો.

આ જ રીતે કોઇ વ્યસનની ખરાબ આદત એકાએક છોડવાનો સંકલ્પ ન લેતાં ધીરે ધીરે ઓછી કરવાનો નિર્ણય કરો. રોજની પચીસ સિગારેટ ફૂંકી મારવાની આદત હોય પછી એકાએક છોડી દો તો શરીર તેને

જલદી સ્વીકારી નથી શકતું એવું આજનું તબીબી વિજ્ઞાન પણ કહે છે. જાન્યુઆરીમાં સિગારેટ પીવાનું પ્રમાણ ઓછું કરીશ, ફેબ્રુઆરીમાં એનાથી ઓછું એમ ધીરે ધીરે આગળ વધો.

૪) તમારા સંકલ્પમાં અન્ય કોઇને ન સાંકળો.ઘણા લોકો એવો સંકલ્પ લેતા હોય કે ફલાણું કામ થશે તો પત્નીને લઇને જાત્રાએ જઇશ કે સંતાનોને લઇને દેવદર્શને જઇશ વિગેરે વિગેરે, પરંતુ ઘણી વાર બધાનું સાથે નીકળવું શક્ય નથી થતું. તમે કાશી-મથુરા જવાનું નક્કી કર્યું હોય એ જ સમયે છોકરાઓ કહે કે હું તો મિત્રો સાથે સાઉથમાં જવાનો પ્લાન કરી બેઠો છું. એ તૈયાર હોય ત્યારે તમને કંઇક કામ આવી પડે. અને લીધેલા સંકલ્પ પૂરા ન થાય ત્યાં સુધી મન પર એક ભાર રહે છે. આ ભાર હેઠળ અન્ય કામ પણ બગડતા જાય છે.

સંકલ્પ હોય કે કઠિન બાધા હોય તમારા દમ પર તમે જ લો. અન્યને સાંકળવાથી સંકલ્પને સમયમર્યાદામાં પૂરો કરતાં નાકે દમ આવી જાય છે.

૫) કોઇ ઘટનાના પ્રત્યાઘાત રૂપે સંકલ્પ ન લો. ઘણી વાર માણસને સ્મશાન વૈરાગ્ય આવી જતું હોય છે. કોઇ સગા-સ્નેહીની ચિતા ભડભડ બળતી હોય ત્યારે એવા વિચાર આવે કે આ શરીર તો ક્ષણભંગૂર છે. હું તો હવે બહાર નીકળીને ફલાણું છોડી દઇશ અને ઢીંકણાનો ત્યાગ કરી દઇશ, પણ આને સ્મશાનમાં આવેલું વૈરાગ્ય કહેવાય. જેવા ઘરે પાછા ફરીને આપણા કુટુંબમાં-આપણી માયાજાળમાં પાછા ફરીએ છીએ ત્યારે સ્મશાનમાં કરેલા તમામ નિર્ણયોનું બાષ્પીભવન થઇ જતું હોય છે.

ઘણી વાર કોઇ ભાઇને હોસ્પિટલમાં દાખલ કર્યા હોય તો તેમની બીમારી જોઇને આપણને પણ એમ થાય કે હું પણ હવે તબિયતનું ધ્યાન રાખું. ફલાણા ભાઇને મીઠું કે સાકર ઓછા કરવાની સલાહ મળી છે તો હું પણ ઓછા કરી નાખું. અરે ભાઇ તેમની બીમારી, તેમની ખાણી-પીણી, રહેણી-કરણી અને શરીરની પ્રકૃતિ તમારા કરતાં અલગ પણ હોઇ શકે. તેમની બીમારીથી દુખી થઇને તાત્કાલિક કોઇ નિર્ણય ન લેતાં. તમારે હેલ્થ ચેક અપ કરાવીને પછી કોઇ સંકલ્પ કરવા જોઇએ. એક સત્યઘટના છે. એક ભાઇને રોજ મનમાં એમ થાય કે કે હવે ઉંમર થઇ છે, મારે પણ સાકર ઓછી કરવી જોઇએ. આ જ અરસામાં તેમની કંપનીમાં મેડિકલ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાઇએ પણ હોંશે હોંશે તેમાં ભાગ લીધો. લોહીમાં કેટલી સાકર છે એ ચેક કરવામાં આવી તો ડૉક્ટરે એમને કહ્યું કે તમારા શરીરમાં સાકર ઓછી છે તમે ગળપણ ખાવાનું વધારો. બોલો, હવે કોઇ અધિકૃત તપાસ વિના એમણે ગળપણ ઓછું કર્યું હોત તો? આ જ રીતે મીઠાનું પ્રમાણ પણ પોતાની મરજી મુજબ ફાવે તેમ ઘટાડવું નહીં. આવા તબિયતને લગતાં કોઇ પણ સંકલ્પો લેતા પહેલાં શરીરની તપાસ કરાવીને પછી જ આગળ વધવું જોઇએ.

૬) ફેશન પ્રમાણે સંકલ્પ ન લો.

દેશ હોય કે વિદેશ, આજ-કાલના મોટા ભાગના યુવાનોનો સંકલ્પ શરીરને સ્લીમ (પાતળું) બનાવવાનો હોય છે. એક સમય હતો જ્યારે છોકરા કે છોકરી બેઉના શરીર જાડા કે મધ્યમ હતાં તો એ લોકો ખાતા-પીતા ઘરના કહેવાતા, પણ આજે પાતળા બનવાનો વાયરો વાયો છે. પાતળા બનવું આજના વિજ્ઞાન મુજબ સારું ભલે કહેવાતું હોય પણ એમ કરવા માટેના પણ કોઇ નિયમ હોય છે. અતિશય જાડી વ્યક્તિ સંકલ્પ લે કે હું આટલા સમયમાં આટલું બધું વજન ઉતારીશ અને ખરેખર ઉતારે પણ ખરો, જોકે આને લીધે નવી બીમારીઓ પણ શરીરમાં દાખલ થાય છે. ક્યારેક તો એની રોગપ્રતિકારક શક્તિ પણ ઘટી જાય છે. ફેશનમાં કે કોઇને દેખાડી દેવા ફટાફટ વજન નથી ઉતારવાનું, પણ શરીર સાચવીને જેટલું ઉતારી શકાય એટલું કોઇ નિષ્ણાતની સલાહ લઇને ઉતારવું જોઇએ.

૭) કઠોર સંકલ્પ લેતાં પહેલા સો વાર વિચારો. ઘણા સંસારમાં રચ્યા પચ્યા લોકો સાધુસંતો જેવી આકરી બાધા કે સંકલ્પ લે છે, પરંતુ સંસાર પણ એક તપ જ છે, તેમાંય ઘણી શારીરિક,માનસિક, આર્થિક કે સામાજિક તકલીફો આવતી હોય છે. કઠોરમાં કઠોર સંકલ્પ લેતા તો લેવાઇ જાય છે, પણ સંસારમાં રહીને પાળી બતાવવો ઘણી વાર મુશ્કેલ થઇ પડે છે.

ટૂંકમાં સંકલ્પ લઇને પછી પાળી ન શકો, એના કરતાં પાળી શકાય એવાં સંકલ્પ લેવા વધુ યોગ્ય છે. આખરે સંકલ્પ તો સ્વયં શિસ્ત (સેલ્ફ ડીસીપ્લીન) અને સ્વયં સુધારણા (સેલ્ફ ઇમ્પ્રુવમેન્ટ) માટે છે અને તેને લઇને શરીર કે મન પર જ માઠી અસર થતી હોય તો બહેતર છે સંકલ્પ લેતાં પહેલાં તેના તમામ પાસા વિશે શાંતિપૂર્વક વિચારવું.

વીશ યૂ હેપ્પી ન્યૂ યર.

- મુકેશ પંડ્યા

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઇ

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈનસમાજ મુંબઈને ભેટ

૧૧૦૦૦/- શ્રી ચંપકભાઈ જેઠાલાલ શેઠ ઘાટકોપર તરફથી સ્વ. જ્યોત્સનાબેન ચંપકભાઈ શેઠના આત્મશ્રેયાર્થે

શ્રી સોરઠ વિશાશ્રીમાળી મુખપત્રને ભેટ

૫૧,૦૦૦/- જાન્યુઆરી અંકના મુખપત્રના સૌજન્ય દાતા

શ્રી ચંપકભાઈ જેઠાલાલ શેઠ ઘાટકોપર તરફથી સ્વ. જ્યોત્સનાબેન ચંપકભાઈ શેઠના કાયમી શ્રદ્ધાંજલિ નિમિત્તે

૧૧,૦૦૦/- ડૉ. પી. જે મેહતા મેમોરીયલ ચૅરિટેબલ ટ્રસ્ટ બોરીવલી તરફથી હસ્તે માતુશ્રી રસીલાબેન

શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળમાં અનાજ વિતરણમાં ભેટ

૨૧૦૦/- શ્રી ચંપકભાઈ જેઠાલાલ શેઠ ઘાટકોપર તરફથી સ્વ. જ્યોત્સનાબેન ચંપકભાઈ શેઠના આત્મશ્રેયાર્થે

૫૦૦/- શ્રી હરસુખલાલ અંદરજી કોરડીયા પરિવાર તરફથી શ્રી હરસુખલાલ અંદરજી કોરડીયાના આત્મશ્રેયાર્થે

૫૦૦/- ડૉ. પી. જે મેહતા મેમોરીયલ ચૅરિટેબલ ટ્રસ્ટ બોરીવલી તરફથી હસ્તે માતુશ્રી રસીલાબેન પ્રફુલચન્દ્ર મહેતા તથા ભાઈશ્રી નીમેષ પી. મહેતા સ્વ. ભાઈશ્રી વિપુલભાઈના આત્મશ્રેયાર્થે

૫૦૦/- ડૉ. ગિરીશભાઈ જયસુખલાલ મહેતા તરફથી સ્વ . શ્રીમતી જયશ્રીબેન ગિરીશભાઈ મહેતાના આત્મશ્રેયાર્થે

શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળમાં આર્થિક સહાય ખાતે

૨૧૦૦/- શ્રી ચંપકભાઈ જેઠાલાલ શેઠ ઘાટકોપર તરફથી સ્વ. જ્યોત્સનાબેન ચંપકભાઈ શેઠના આત્મશ્રેયાર્થે

૧૫૦૦/- શ્રી જીતેશભાઈ ભગવાનદાસ સંઘવી, ઘાટકોપર તરફથી ચિ. સંકેતના લગ્નપ્રસંગે

૫૦૦/- શ્રી હરસુખલાલ અંદરજી કોરડીયા પરિવાર તરફથી શ્રીમતી કંચનબેન હરસુખલાલ અંદરજી કોરડીયાના આત્મશ્રેયાર્થે

૫૦૦/- ડૉ. પી. જે મેહતા મેમોરીયલ ચૅરિટેબલ ટ્રસ્ટ બોરીવલી તરફથી હસ્તે માતુશ્રી રસીલાબેન પ્રફુલચન્દ્ર મહેતા તથા ભાઈશ્રી નીમેષ પી. મહેતા સ્વ. ભાઈશ્રી વિપુલભાઈના આત્મશ્રેયાર્થે

૫૦૦/- શ્રીમતી હિતાક્ષીબેન રાજેશભાઈ કોરડીયા તરફથી ચિ. રૂષભના લગ્ન પ્રસંગે ભેટ

શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળમાં શ્રી તારાચંદ ધનજી મહેતા તબીબી રાહત યોજના

૫૦૦૧/- શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા તથા નર્મદાબેન માણેકલાલ વસા ચૅરિટેબલ ટ્રસ્ટ

હસ્તે પ્રતાપભાઈ માણેકલાલ વસા તરફથી સુધાબેનના આત્મશ્રેયાર્થે

૨૧૦૦/- શ્રી ચંપકભાઈ જેઠાલાલ શેઠ ઘાટકોપર તરફથી સ્વ. જ્યોત્સનાબેન ચંપકભાઈ શેઠના આત્મશ્રેયાર્થે

૧૫૦૦/- શ્રી જીતેશભાઈ ભગવાનદાસ સંઘવી, ઘાટકોપર તરફથી ચિ. સંકેતના લગ્નપ્રસંગે

૫૦૦/- ડૉ. પી. જે મેહતા મેમોરીયલ ચૅરિટેબલ ટ્રસ્ટ બોરીવલી તરફથી હસ્તે માતુશ્રી રસીલાબેન પ્રફુલચન્દ્ર મહેતા તથા ભાઈશ્રી નીમેષ પી. મહેતા સ્વ. ભાઈશ્રી વિપુલભાઈના આત્મશ્રેયાર્થે

અવસાન નોંધ

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ, મુંબઈ

મોટી પાનેલી નિવાસી હાલ ભાયંદર સ્વ. દયાબેન રમણિકલાલ છગનલાલ શાહના પુત્ર નિતા સુરેશ શાહના પતિ સુરેશ રમણીકલાલ શાહ ઉ. વ. ૬૯ તા. ૩૦-૧૨-૨૦ બુધવારને રોજ અરિહંત શરણ પામેલ છે.

❋❋

મોટી પાનેલીનાં (**Addisababa**) હાલ ઘાટકોપર ચંપકલાલ જેઠાલાલ શેઠનાં ધર્મપત્ની જ્યોત્સનાબેન ઉંમર વરસ ૮૦ તા. ૧-૧-૨૦૨૧, રોજ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા અરિહંતશરણ પામેલ છે.

❋❋

મોટા ઉજળા (પોરબંદર)નિવાસી, હાલઃ કટક, સ્વ. હીરાબેન ઉમેદચંદ ગુલાબચંદ દોશીના પુત્ર પ્રકાશભાઈ (ઉ.વ.૬૧) તે પ્રિતિબેનના પતિ, તે હાર્દિક-મયંકના પિતા તા. ૯.૧.૨૦૨૧ના રોજ અરિહંત શરણ પામેલ છે.

❋❋

વડાલ સોરઠ નિવાસી હાલ ઘાટકોપર, હસમુખરાય પ્રભુદાસ દુર્લભજી ધોળકિયાના ધર્મપત્નિ કોકિલાબેન (ઉ.વ.૭૨) તે અતુલ તથા પારુલના માતુશ્રી, તા. ૧૦.૧.૨૦૨૧ના રોજ અરિહંતશરણ પામેલ છે.

❋❋

સ્વ. પ્રવિણભાઈ વિનયચંદ હરખચંદ શેઠ અને નલિનીબેનના પુત્ર દેવાંગ (ઉ.વ.૫૦) મંગળવાર ૫-૧ના અરિહંતશરણ પામેલ છે.

❋❋

થાણા દેવડી નિવાસી હાલ રાજકોટ સ્વ. શાંતિલાલ કપુરચંદ મહેતાના પુત્ર પ્રફુલ શાંતિલાલ મહેતાના ધર્મપત્ની સરોજબેન (ઉ.૭૫) તા. ૧.૧.૨૦૨૧ શુક્રવારના રોજ અરિહંતશરણ પામેલ છે. પુત્રવધૂ અલ્પા તથા વિરલના માતા. પ્રભુ એમના આત્માને પરમશાંતિ અર્પે એવી પ્રાર્થના.

❋❋

બળેલ પીપળીયા (અમરેલી)નિવાસી

હાલ અમદાવાદ સુરેશભાઈ કાન્તિલાલ ભીમાણી (ઉ.વ.૭૧) તે કલાબેનના પતિ, રૂપેશ, દિપક, ચૈતાલી મિતુલકુમાર દોશી (વાંકાનેર/વડોદરા)ના પિતા, જિગ્નાના સસરા, રવિવાર તા. ૧૦-૧-૨૦૨૧ના રોજ અરિહંતશરણ પામેલ છે.

❋❋

સરદાર ગઢ નિવાસી હાલ ઘાટકોપર ગુણીબેન કાંતિલાલ પારેખ (૯૦) તે સ્વ. કાંતિલાલ પ્રેમચંદ પારેખના ધર્મપત્ની, અનિલ તથા અજયના માતુશ્રી ૨૮.૧૨.૨૦૨૦ના અરિહંત શરણ પામેલ છે.

❋❋

પાટણવાવ નિવાસી (હાલ-મીરારોડ) જયચંદ્ર હરીલાલ વસા (ઉ. ૭૬) તા. ૨૭.૧૦.૨૦૨૦ના અવસાન પામેલ છે.

❋❋

મઘરવાળા નિવાસી હાલ જુનાગઢ સ્વ. દમયંતીબેન જયંતિલાલ (ઉ. વ. ૫૭) તે સંગીતાબેનના પતિ, અજીતભાઈ વોરા નાલાસોપારા/કાંદિવલી, નયનાબેન પ્રદીપકુમાર વોરા જામનગરના ભાઈ - જૂનાગઢના નગરસેવક તેમજ લોકલાડીલા મુક કાર્યકર તા. ૧.૧.૨૧ શુક્રવારના રોજ અવસાન પામેલ છે.

સંસ્થા સમાચાર

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મહિલા મંડળ ઘાટકોપર આપ સહુને જણાવવાનું કે શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મહિલા મંડળ ઘાટકોપરના સંસ્થાપક પ્રમુખ શ્રીમતી વિમળાબેન વોરા એ તેમની નાદુરસ્ત તબિયતને લીધે પ્રમુખપદના હોદા પરથી રાજીનામું આપ્યું છે. મંડળની કારોબારી સમિતીએ તેમનું રાજીનામું સ્વીકાર્યું છે અને નીચે મુજબના પદાધિકારીઓની સર્વાનુમતે નિમણુક કરવામાં આવી છે.

શ્રીમતી દર્શનાબેન પરિમલ ભીમાણી	**પ્રમુખ**
શ્રીમતી લતાબેન જવાહર શેઠ	**મંત્રી**
શ્રીમતી હેતલ પિયુષ મહેતા	**ખજાનચી**
શ્રીમતી વિમળાબેન વોરા	**કારોબારી સભ્ય**
શ્રીમતી મૃદુલાબેન સુરેશ કોરાડીયા	**કારોબારી સભ્ય**
શ્રીમતી લલીતાબેન જવાહર શેઠ	**કારોબારી સભ્ય**
શ્રીમતી દીપ્તિ જયેશ વોરા	**કારોબારી સભ્ય**

ઘાટકોપર મહિલા મંડળ શ્રીમતી વિમળાબેન વોરાનો કુશળતાથી પ્રમુખ પદ સંભાળવા બદલ ખુબખુબ આભાર વ્યક્ત કરે છે.

સ્મરણાંજલિ

જન્મ તારીખ :
૧-૧-૧૯૪૧

અનંતયાત્રા :
૧-૧-૨૦૨૧

સ્વ. જ્યોત્સનાબેન ચંપકલાલ શેઠ

દ્રષ્ટિમાં હજુએ રમે છે તમારો હસતો ચહેરો
આપનો માયાળુ સ્વભાવ, આપના જીવનની સાદાઈ.
સુખ-દુ:ખમાં સદાય હસતા રહ્યા તમે, સૌના હૃદયમાં વસતા રહ્યા તમે,
અણધાર્યા છોડી ગયા જીવન છતાં જીવિત હોવાનો ભાસ છે,
દર્શન નથી તમારા દેહના પણ હૃદયમાં તમારો વાસ છે.

શ્રદ્ધાસુમન અર્પિત :

શ્રી ચંપકલાલ જેઠાલાલ શેઠ પરિવાર

(એડીસઅબાબા, ઇથીયોપિયાવાળા, હાલ મુંબઈ)
સ્વ. વ્રજકુંવરબેન દલીચંદ નાનજી શાહ (ધોરાજીવાળાની સુપુત્રી)

પુત્રી-જમાઇ : શ્રીમતી ભારતીબેન અશોક શાહ, શ્રીમતી મયુરીબેન પંકજ વોરા, શ્રીમતી ચેતનાબેન ભરત સાવડીયા

પુત્ર-પુત્રવધુ : શ્રી નૈનેશભાઈ-જાગૃતીબેન

પૌત્ર : જીનય, યશ

દોહિત્ર/દોહિત્રી : માનસી, વિશાલ, જેનીલ, હર્ષિલ, હેત્વી, રીયા

PUBLISHED ON 20TH EVERY MONTH - RNI - 22805 / 73 - SOATH VISHSHRIMALI (Guj. Monthly) - POSTING UNDER THE POSTAL REGISTRATION
No. MCS / 140/2018-20 - POSTED AT KALBADEVI HEAD POST OFFICE, MUMBAI - 400 002. ON 20th & 21st OF EVERY MONTH
Printed & Published by : Kirtiben Mayurbhai Mehta on behalf Shri sorath visa shrimali Jain Samaj Printed at Arihant Printing Press - Mo. : 9223430415
if Undelivered Pl. return of - Shri Sorath Visa Shrimali Jain Samaj 4, Devkaran Mansion, Bldg., No. 7, 2nd Flr., 24, Vithaldas Road, Mumbai-400002. Maharashtra (India)